RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 203* Date: 21.05.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

**ભારતમાં જનતાને ભાજપ પ્રત્યે વિશેષ લગાવ છે**

## ભાજપના કાર્યકર હોવાના નાતે આપણને શાંતિથી બેસવાનો કોઇ હક નથી : વડાપ્રધાન મોદી




જયપુર,તા.૨૦

રાજસ્થાનના જયપુરમાં ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠકના બીજા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના નેતાઓને વર્ચ્યુઅલી સંબોધન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે દુનિયા આજે ભારત તરફ ખુબ આશાઓ સાથે જોઈ રહી છે. બરાબર એ જ રીતે ભારતમાં ભાજપ પ્રત્યે જનતાનો એક વિશેષ સ્નેહ છે. દેશની જનતા ભાજપ પ્રત્યે ખુબ આશાથી જુએ છે.

પીએમ મોદીએ કહ્યું કે દેશની જનતાની આ આકાંક્ષાઓ-આશાઓ આપણી જવાબદારી વધારે છે. આઝાદીના આ અમૃત કામમાં દેશ પોતાના માટે આગામી ૨૫ વર્ષ માટે લક્ષ્યાંક નક્કી કરી રહ્યો છે. ભાજપ માટે આગામી ૨૫ વર્ષના લક્ષ્યાંકો નક્કી કરવાનો, નિરંતર કામ કરવાનો આ જ સમય છે. પીએમ મોદીએ કહ્યું કે જનસંઘથી અમારી જે મુસાફરી શરૂ થઈ અને ભાજપ તરીકે આગળ વધી, પાર્ટીના આ સ્વરૂપને તેના વિસ્તારને જોઈને ગર્વ તો થાય જ છે સાથે સાથે તેના નિર્માણમાં પોતાને ખપવાની દેનાર પાર્ટીની તમામ વિભૂતિઓને પણ હું આજે નમન કરું છું. તેમણે કહ્યું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો એકાત્મ માનવવાદ અને અંત્યોદય આપણું દર્શન છે, ડોક્ટર શ્યામા પ્રસાદ મુખરજીની સાંસ્કૃતિક રાષ્ટ્રનીતિ આપણું ચિંતન છે અને 'બધાનો સાથ, બધાનો વિકાસ, બધાનો વિશ્વાસઅને બધાનો પ્રયાસ' એ આપણો મંત્ર છે.

અગાઉની સરકારો પર આકરા પ્રહારો કરતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં એક લાંબો સમયગાળો એવો રહ્યો કે જ્યારે લોકોની સોચ એવી બની ગઈ હતી કે બસ ગમે તેમ કરીને સમય કાઢી નાખવો. સરકાર તરફથી તેમને કોઈ અપેક્ષા નહતી કે ન તો સરકાર તેમના પ્રત્યે પોતાની જવાબદારી સમજતી હતી. ૨૦૧૪ બાદ ભાજપ દેશને આ સોચમાંથી બહાર કાઢી લાવ્યો છે. તેમણે કહ્યું કે હું દેશના ઉજ્જવળ ભવિષ્યને સારી રીતે જોઉ છું. જ્યારે હું આત્મવિશ્વાસથી ભરેલા દેશના યુવાઓને જોઉ છું, કઈક કરી બતાડવાના જુસ્સા સાથે આગળ વધતી બહેન-દીકરીઓને જોઉ છું ત્યારે મારો આત્મવિશ્વાસ અનેકગણો વધી જાય છે.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના આ અમૃતકાળમાં દેશ મોટા લક્ષ્યાંકો પર કામ કરી રહ્યો છે. ત્યારે આપણે પણ કેટલીક વધુ વાતો યાદ રાખવાની જરૂર છે. ભાજપના કાર્યકર હોવાના નાતે આપણને શાંતિથી બેસવાનો કોઈ હક નથી, કોઈ અધિકાર નથી. આપણે આરામ જ તો નથી કરવાનો. આજે પણ આપણે અધીર છીએ, બેચેન છીએ, આતુર છીએ કારણ કે આપણો મૂળ લક્ષ્ય ભારતને એ ઉંચાઈ પર પહોંચાડવાનો છે જેનું સપનું દેશની આઝાદી માટે ફના થઈ જનારાઓએ જોયું હતું.

પીએમએ કહ્યું કે આ મહિને કેન્દ્રની ભાજપ સરકારના, એનડીએ સરકારના ૮ વર્ષ પૂરાં થઈ રહ્યા છે. આ ૮ વર્ષ સંકલ્પના રહ્યા, સિદ્ધિઓના રહ્યા. આ ૮ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા. આ ૮ વર્ષ દેશના નાના ખેડૂતો, શ્રમિકો, મધ્યમ વર્ગની અપેક્ષાઓ પૂરા કરનારા રહ્યા. આ ૮ વર્ષ દેશના સંતુલિત વિકાસ, સામાજિક ન્યાય અને સામાજિક સુરક્ષા માટે રહ્યા. આ ૮ વર્ષ દેશની માતાઓ, બહેન દીકરીઓના સશક્તિકરણ, તેમની ગરીમા વધારવાના પ્રયત્નોના નામે રહ્યા. તેમણે કહ્યું કે આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ પોતાની આસપાસ લોકોને યોજનાઓનો લાભ મળતો જુએ છે. તે આજે ખુબ વિશ્વાસ સાથે કહે છે કે એક દિવસ મને પણ આ યોજનાનો લાભ જરૂરથી મળશે.

પીએમ મોદીએ વિકાસવાદ પર વાત કરતા કહ્યું કે જે એક અન્ય વિષય પર આપણે સતત કામ કરતા રહેવાનું છે તે છે દેશમાં ચારેબાજુ વિકાસવાદની રાજનીતિ સ્થપાવી જોઈએ. કોઈ પણ પક્ષ હોય તેને પણ વિકાસવાદની રાજનીતિ પર આવવા માટે મજબૂર કરવાના છે. આપણે આજે જોઈએ છીએ કે કેટલીક પાર્ટીઓની ઈકોસિસ્ટમ પૂરી શક્તિથી દેશના મુખ્ય મુદ્દાઓને ભટકાવવામાં લાગી છે. આપણે આવી પાર્ટીઓની જાળમાં ફસાવવાનું નથી. આપણે ક્યારેય શોર્ટકટ લેવાનો નથી. આપણે દેશહિત સાથે જોડાયેલા જે પણ પાયાના વિષયો છે ગરીબોનું કલ્યાણ, ગરીબનું જીવન સરળ બનાવવું, ગરીબને સશક્ત કરવા માટે આપણે સતત કામ કરવાનું છે.

પરિવારવાદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આઝાદી બાદથી જ વંશવાદ અને પરિવારવાદે દેશને કેટલું ભયંકર નુકસાન કર્યું છે. પરિવારવાદી પાર્ટીઓએ દેશમાં ભ્રષ્ટાચાર, ધાંધલીને, ભાઈ ભત્રીજાવાદને, તેને આધાર બનાવીને દેશનો ઘણો કિંમત સમય બરબાદ કર્યો છે. આપણે યાદ રાખવાનું છે કે પરિવારવાદના રાજકારણથી વિશ્વાસઘાત ભોગવનારા દેશના યુવાઓનો વિશ્વાસ ફક્ત ભાજપ જ પાછો લાવી શકે છે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે નવી નેશનલ એજ્યુકેશન પોલીસીમાં સ્થાનિક ભાષાઓને મહત્વ આપવું,દરેક પ્રાંતીય ભાષાઓ પ્રત્યે અમારા કમિટમેન્ટને દર્શાવે છે.ભાજપ ભારતીયભાષાઓને ભારતીયતાનો આત્મા માને છે અને રાષ્ટ્રના ઉત્તમ ભવિષ્યની કડી ગણે છે.

## આસામમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ અને પૂરના કારણે લાખો લોકો પ્રભાવિત

નવીદિલ્હી,તા.૨૦

ભારતીય હવામાન વિભાગે પૂર્વોત્તર રાજ્યો માટે યલો એલર્ટ કરતાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આસામમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ અને પૂરના કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે. ત્રિપુરા, મિઝોરમ અને મણિપુરના પાડોશી રાજ્યોના ભાગોમાં સ્થિતિ ખરાબ છે, જેના કારણે હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો માટે એલર્ટ જાહેર કર્યું છે.

આસામમાં પૂરની સ્થિતિ વધુ વણસી હતી અને તેના કારણે અન્ય એક વ્યક્તિનું મોત થયું હતું. રાજ્યના ૨૭ જિલ્લાઓ અને અહીં રહેતા લગભગ ૭.૧૮ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના દૈનિક પૂર અહેવાલ મુજબ, નાગાંવ જિલ્લાના કામપુર રેવન્યુ વિસ્તારમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ સિવાય કામપુરમાં વધુ બે લોકો ગુમ હોવાનું કહેવાય છે. આ સાથે આ વર્ષે રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક વધીને દસ થઈ ગયો છે, એમ અહેવાલમાં જણાવાયું છે. પરિસ્થિતિને જોતા, હવામાન વિભાગે ૨૧ મેના રોજ રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે મેઘાલયમાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ એલર્ટ ૨૧ મે સુધી જારી કરવામાં આવ્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, ભારે વરસાદની સ્થિતિ છે જેના માટે તેમણે નાગરિકોને ચેતવણી આપી છે. વિભાગે મેઘાલયના મોટાભાગના જિલ્લાઓમાં દરરોજ ૧૦૦ મીમીથી વધુ વરસાદની આગાહી કરી છે. તાપમાનની વાત કરીએ તો રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સુધી રહી શકે છે.

અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી તબાહી મચી ગઈ છે. રાજધાની ઈટાનગરમાં વરસાદના કારણે ગત દિવસે ભૂસ્ખલન જોવા મળ્યું હતું, જેમાં ૪ લોકોના મોત થયા છે અને ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હવે હવામાન વિભાગે શનિવાર સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આજે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહી શકે છે.

## મોદી અને બાઇડેનની વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ અને ઇન્ડો પેસિફિક વિસ્તારોના વિકાસ અર્થે બેઠક યોજાશે

નવીદિલ્હી,તા.૨૦

રશિયા યૂક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે તેને લઈ સમગ્ર વિશ્વ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કે આ બંને દેશો વચ્ચે જ્યારે યુદ્ધ પૂરો થશે અને અર્થ વ્યવસ્થા ડામાડોળ થઈ છે તે ક્યારે ફરી સુદ્રઢ બનશે. આ મુદ્દાને ધ્યાને લેતા અનેકવિધ દેશોએ દ્વિપક્ષીય બેઠક ઓપન યોજી હતી અને કોઈ યોગ્ય નિષ્કર્ષ આવે તે અંગે ચર્ચા વિચારણા પણ કરી હતી પરંતુ કોઈ જ ફાયદો હજુ સુધી આવ્યો નથી.

આ સ્થિતિને ધ્યાને લઇ આગામી સપ્તાહમાં કવોડ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ બેઠક દરમિયાન મંગળવારના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ બિડેન વચ્ચે પણ મંગલકારી બેઠક યોજાશે તેવી શક્યતા સેવાઇ રહી છે.

પરંતુ આ બંને દેશો વચ્ચેની બેઠક નો એ છે કે ઈન્ડો પેસિફિક સાથોસાથ જે વૈશ્વિક પરિબળો અસર કરતા સાબિત થયા છે તેમાં અને અમેરિકા વચ્ચે નું વલણ ખૂબ મહત્વપૂર્ણ ભાગ ભજવશે . બંને દેશો વચ્ચે આર્થિક વૃદ્ધિ થાય અને વ્યાપારી સંબંધો વધુ ગાઢ બને તે દિશામાં પણ દ્વિપક્ષીય બેઠક યોજાશે.

રશિયા યૂક્રેન ના યુદ્ધમાં નાટોની સાથે યુરોપિયન યુનિયન દેશોની ભૂમિકા પણ ખૂબ જ મહત્વની રહી હતી જયારે અમેરિકાની વાત કરવામાં આવે તો અમેરિકા સાથે જ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કે રસિયા યુદ્ધ બંધ કરે અને તેઓએ તેમની તરફેણ યુક્રેન તરફ દાખવી હતી. ૫ સામે ભારત દેશ કોઈપણ પક્ષે સાથ લીધા વગર પોતાના વિચાર અને પોતાના સ્થાન ઉપર અડગ રહ્યું હતું અને તેમનું એક જ માનવું હતું કે યુદ્ધ થવાથી આર્થિક નુકશાની સાથોસાથ સામાજિક અસર પણ ખુબ મોટી જોવા મળશે જેથી બન્ને દેશોએ આ મુદ્દાને ધ્યાને લઈ યુદ્ધ પૂર્ણ કકરવો જોઈએ.

રશિયા યૂક્રેન ના યુદ્ધની સ્થિતિ વધારે ભાર તે પોતાનું એક આગવું સ્થાન પણ સમગ્ર વિશ્વમાં ઉભું કરવામાં સફળતા હાંસલ કરી છે અને સમગ્ર વિશ્વ નું માનવું છે કે આ બંને દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે તેને નિવારવામાં માત્રને માત્ર ભારત જ મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. તે આવતા સપ્તાહમાં જે કૂવો બેઠકનું આયોજન થવા જઈ રહ્યું છે તેમાં ભારત-અમેરિકા વચ્ચે આ મુદ્દે પણ ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ઈન્ડો પેસિફિક વિસ્તારોની સાથોસાથ જે વૈશ્વિક સમસ્યાઓ ઊભી થઈ છે તેને સાંપ્રત વિચારો સાથે તેનો હલ કેવી રીતે લાવી શકાય તે દિશામાં પણ ચર્ચા હાથ ધરાશે.

બીજી તરફ ભારત અમેરિકાની સાથોસાથ જાપાન અને ઓસ્ટ્રેલિયાના દેશો સાથે પણ વિચાર-વિમર્શ કરશે અને કઈ દિશામાં વ્યાપાર વૃદ્ધિ આગળ વધારી શકાય તે અંગે પણ વાર્તાલાપ યોજાશે.

કવોડ બેઠકનો મુખ્ય કારણ એ છે કે હાલ જે અર્થવ્યવસ્થા સંકટમાં જોવા મળી રહી છે જે પ્રશ્નો ઊભા થયા છે તેને ઝડપભેર નિવારવા માટે દરેક દેશો સાથે તેના સંબંધો વધુ ગાઢ બને અને તેઓ એકબીજાને સમજી શકે તે દિશામાં દરેક પગલાઓ ભરવામાં આવે ત્યારે આગામી સપ્તાહે યોજાનાર બેઠક સમગ્ર વિશ્વ માટે અને ખાસ ભારત અને અમેરિકા માટે મંગલકારી નીવડશે.

## બાંગ્લાદેશ જઈ રહેલુ ભારતીય જહાજ દરિયામાં ડૂબી ગયું કરોડો રૂપિયાના ઘઉં પાણીમાં ગયા

નવીદિલ્હી,તા.૨૦

ભારતમાંથી ઘઉં લઈને બાંગ્લાદેશ જઈ રહેલુ માલવાહક જહાજ ડૂબી ગયું છે. આ ઘટના ત્યારે થઈ જયારે માલવાહક જહાજ બંગાળની ખાડી પાર કરતા મેઘના નદીમાં હતું. અહીં પાણીના ભારે મોજાની વચ્ચે તટિય બંધ સાથે ટકરાતા જહાજમાં તિરાડ પડી ગઈ હતી અને જહાજ પાણીમાં ઘુસી ગયું હતું. આ માલવાહક જહાજ ૧૬૦૦ ટન ઘઉ લઈને નારાયણગંજ નદી પોર્ટ તરફ જઈ રહ્યું હતું. અધિકારીઓએ આ અંગે જાણકારી આપી છે.

અહીં ઉલ્લેખનીય છે કે, માલવાહક જહાજ મંગળવારે ચટોગ્રામ પોર્ટના બહારના વિસ્તારમાં એક મોટા જહાજથી માલ લાદીને બહારના વિસ્તાર નારાયણગંજ નદી પોર્ટ તરફ જઈ રહ્યું હતું. અહીંથી ઘઉંને એક પ્રાઈવેટ લોટ બનાવતી ફેક્ટ્રીમાં પહોંચાડવાના હતા. બાંગ્લાદેશના પરિવહન પ્રકોષ્ઠના સંયુક્ત સચિવ અતાઉલ કબીરે જણાવ્યું હતું કે, બધાં ઘઉં પાણીમાં ડૂબી ગયા છે. આ ઘઉં હવે પાછા મળે તેવી કોઈ આશા નથી.

અહીં ઉલ્લેખનીય છે કે, આ અગાઉ વિભાગના અધિકારીઓએ કહ્યું હતું કે, જહાજ સમગ્રપણે ડૂબ્યું નહોતું તે તટીય જિલ્લા લક્ષ્મીપુરના તિલાર ચાર વિસ્તારમાં એક સમુદ્ર તટ પર પહોંચી ગયું હતું. જહાજના શિપિંગ એજન્ટે જણાવ્યું હતું કે, એક તટબંધની ચપેટમાં આવ્યા બાદ જહાજની સામે હૈચમાં એક તિરાડ પડી ગઈ હતી. જેને લઈને જહાજમાં ભારે માત્રામાં પાણી ઘુસી ગયું અને જહાજ માલ સાથે પાણીમાં ડૂબાઈ ગયું. કાર્ગોના અધિકારીઓએ માલની કિંમત વિ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, આ ઘઉંની કિંમત લગભગ ૬૬.૪ મિલિયન ટકા (૭,૫૮,૨૮૦.૭૦ અમેરિકી ડોલર ) હતી. બાંગ્લાદેશના ખાદ્યમંત્રી સાધના ચંદ્ર મજૂમદારે કહ્યું કે, એક ખાનગી બાંગ્લાદેશી કંપની ભઆરતમાંથી ઘઉં આયાત કરી રહી હતી. તેમણે કહ્યું કે, સંબંધિત અધિકારીઓએ તેમને આ ઘટના માટે તપાસ કરવાના આદેશ આપ્યા છે. તેમણે કહ્યું કે, સ્વાભાવિક રીતે આ એક સાધારણ દુર્ઘટના છે. પણ અમે સંબંધિત અધિકારીઓને તપાસ માટે કહ્યું છે.

## ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ હારી જશે : પ્રશાંત કિશોર



નવીદિલ્હી,તા.૨૦

ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે ઉદયપુરમાં કોંગ્રેસના તાજેતરમાં સમાપ્ત થયેલા ચિંતન શિવરને નિષ્ફળ ગણાવ્યા છે. એક ટ્વિટમાં પ્રશાંત કિશોરે કહ્યું છે કે, 'મને વારંવાર ઉદયપુર ચિંતન શિવિરના પરિણામો પર ટિપ્પણી કરવા માટે કહેવામાં આવ્યું છે. મારા મતે, તે યથાસ્થિતિને ઉત્થાન આપવા અને કોંગ્રેસ નેતૃત્વને થોડો સમય આપવા સિવાય અર્થપૂર્ણ કંઈપણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું છે. પીકે તરીકે જાણીતા ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે પણ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની હારની આગાહી કરી છે. તાજેતરમાં કોંગ્રેસ સાથેની તેમની લાંબી વાતચીત નિરર્થક રહી હતી. આ પછી પ્રશાંત કિશોરે કોંગ્રેસ વિશે કહ્યું હતું કે તેના નેતાઓ માને છે કે જનતા પોતે જ સરકારને ઉથલાવી દેશે અને તેમને સત્તા મળશે. પીકેએ કહ્યું કે કોંગ્રેસ લાંબા સમયથી સત્તામાં છે અને તેને વિપક્ષમાં કેવી રીતે રહેવું તે ખબર નથી.

## બિહારના અનેક જિલ્લાઓમાં તોફાની વાવાઝોડાથી તબાહી, ૨૭ લોકોના મોત થયા

પટણા,તા.૨૦

બિહારમાં વાવાઝોડાના પાણીએ તબાહી મચાવી હતી. આ વાવાઝોડામાં ૨૭ લોકોના મોત થયા છે. ભાગલપુર અને મુઝફ્ફરપુરમાં છ-છ લોકોના મોત થયા છે. લખીસરાઈ જિલ્લામાં ત્રણ લોકોના મોત થયા છે. વૈશાલી અને મુંગેરમાં બે-બે, બાંકા, જમુઈ, કટિહાર, કિશનગંજ, જહાનાબાદ, સારણ, નાલંદા અને બેગુસરાઈમાં એક-એક મૃત્યુ પામ્યા. એનએચ અને રેલ્વે ટ્રેક પર વાયરો અને વૃક્ષો પડતાં રોડ અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. સહરસામાં ઓએચઈ વાયર તૂટવાને કારણે ત્રણ કલાક સુધી ટ્રેનની કામગીરી અટકી પડી હતી.લગભગ ૬૦ કિમીની ઝડપે આગળ વધી રહેલા આ ધૂળના તોફાનના કારણે થોડો સમય અંધારપટ છવાઈ ગયો હતો. અસ્થાવન પોલીસ સ્ટેશન વિસ્તારના દેશણા રોડ પર એક વાયરનું ઝાડ મહિલા પર પડ્યું. આ અકસ્માતમાં મહિલાનું મોત થયું હતું. જોરદાર તોફાનને કારણે ગંગામાં હોડી પલટી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે માણેરના રતનપુરામાં ગંગા નદીમાં વાવાઝોડા દરમિયાન રેતી વહન કરતી ત્રણ બોટ પલટી જવાના સમાચાર છે. આ અકસ્માતમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. પૂર્વ બિહારના જિલ્લાઓમાં આવેલા વાવાઝોડા અને વરસાદમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૃતકોમાં ત્રણ લખીસરાયના, બે ભાગલપુરના અને એક-એક મુંગેર અને બાંકાના છે. તો લખીસરાઈમાં વીજલાઈનો તૂટવાને કારણે એક કલાક સુધી રેલ સેવા ખોરવાઈ ગઈ હતી. ફજયારે લખીસરાઈ જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાને કારણે બે લોકોના મોત થયા છે અને ત્રણ ઘાયલ થયા છે. ચાણણમાં એક મહિલાનું ઝાડ નીચે દબાઈ જવાથી મોત થયું હતું. મૃતક અનીતા દેવી (૪૦) માળિયાની રહેવાસી હતી. બારહિયામાં પડી જવાને કારણે બાળક વિવેક કુમાર (૧૦)નું મૃત્યુ થયું હતું, જ્યારે પીરીબજારનો એક વ્યક્તિ મેદનીચોકીના બનબુના ટોલમાં ભેંસ ચરાવતી વખતે થેંકાને કારણે મૃત્યુ પામ્યો હતો. મુંગેર જિલ્લાના ખડગપુરના દરિયાપુરમાં, વાવાઝોડામાં દિવાલ ધરાશાયી થતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. સંગ્રામપુરમાં વાવાઝોડામાં વૃક્ષો ધરાશાયી થતાં માર્ગ બંધ થઈ ગયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ચિંતાજનક મોંઘવારી

***ભારત જેવા વિકાસશીલ દેશમાં મોંઘવારીનું ઝડપથી વધવું ચિંતાજનક જ નહીં, દુઃખદ પણ છે. સામાન્ય રીતે ભારતમાં લગભગ ૨૫ ટકા લોકો ગરીબની શ્રેણીમાં આવે છે, એટલે કે લગભગ ૩૨ કરોડ લોકો ગરીબ છે. આ વર્ગ મોંઘવારીથી સર્વાધિક પ્રભાવિત થાય છે. એમ તો ખુદ સરકારે ૮૦ કરોડ લોકોને મફત અનાજ યોજના યોગ્ય માન્યા છે. તેથી સહજ અનુમાન લગાવી શકાય છે કે દેશમાં લગભગ પચાસ કરોડ જ લોકો હશે, જેમના પર મોંઘવારીની ખાસ અસર નથી થતી. મોંઘવારી વિરુદ્ધ કોઈપણ પાર્ટી સડકો પર નથી ઉતરી. ભારતીય રિઝર્વ બેંકે બેંક દરોમાં થોડો વધારો કર્યો હતો, પરંતુ તેમ છતાં કહ્યું હતું કે હજુ મોંઘવારી વધશે. ગયા વર્ષના આખરી ત્રિમાસિકમાં જ મોંઘવારીના સમાધાન માટે પગલાં ભરવાની માંગ થઈ રહી હતી, પરંતુ મહામારીની આપદાથી આહત અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે મોંઘવારીને એક રણનીતિ અંતર્ગત વધવા દેવામાં આવી. પરિણામ આપણી સામે છે. રિટેલ ફુગાવો ૭.૭૯ ટકા પર છે. જોકે આ સરકારી આંકડો છે, વસ્તુસ્થિતિ કંઇક વધુ જ પ્રતિકૂળ હશે.***

***ઉલ્લેખનીય વાત છે કે ઉત્તર પ્રદેશ, ઝારખંડમાં મોંઘવારી દર રાષ્ટ્રીય મોંઘવારી દર કરતાં વધારે છે, જ્યારે બિહારમાં મોંઘવારી દર રાષ્ટ્રીય સરેરાશથી ઓછો છે. મધ્ય પ્રદેશ મોંઘવારી મામલે સૌથી આગળ ચાલી રહ્યું છે. દિલ્હીમાં મોંઘવારી દર અપેક્ષાકૃત ઓછો છે, એવું સરકારી આંકડા દર્શાવે છે. વિચારવાની વાત એ છે કે રાજ્યો વચ્ચે મોંઘવારી દરમાં અઢી ટકાનું અંતર કેમ દેખાય છે? શું આ અંતરને ઓછું કરી શકાય? શું કેટલાંક રાજ્ય પોતાના લોકોને રાહત આપવાના મોરચે અપેક્ષાકૃત આગળ છે? શું બિહાર અને ઉત્તરાખંડની સરકારો પોતાના લોકોને વધુ રાહત આપી રહી છે? ચિંતા એ વાતની છે કે ગયા વર્ષે આ જ સમયે મોંઘવારી દર આજ કરતાં અડધો હતો. અર્થવ્યવસ્થામાં તેજી આવી છે, પરંતુ એવું ન થાય કે આ તમામ તેજી મોંઘવારી ખાઈ જાય. જે લોકો પર મોંઘવારીની અસર સૌથી વધુ થઈ રહી છે, તેમને આશ્વસ્ત કરવા જરૂરી છે. હકીકતે ઘરેલુ સ્થિતિઓ પર યુદ્ધની અસર હવે સ્પષ્ટ દેખાવા લાગી છે. વૈશ્વિક રેટિંગ એજન્સી એસએન્ડપીએ ભારતના વિકાસ દરના અનુમાનને ૭.૮ ટકાથી ઘટાડીને ૭.૩ ટકા કરી દીધું છે. તેનું અનુમાન છે કે ચાલુ નાણાંકીય વર્ષમાં રિટેલ ફુગાવો ૬.૯ ટકા રહી શકે છે. જરૂરી છે કે કોઈપણ સ્થિતિમાં ભારતમાં મોંઘવારી દર આ અનુમાનથી વધે નહીં. ભારતે યુદ્ધ ખતમ કરાવવા માટે પણ વધુ પ્રયાસ કરવા જોઇએ. યુદ્ધથી આપણા આર્થિક લાભ સીમિત છે, જ્યારે યુદ્ધ રોકવાના ફાયદા વધારે છે. કોઈપણ સ્થિતિમાં ભારતનો વિકાસ દર ૯ ટકાની આસપાસ હોવો જોઇએ, જેવું કે પહેલાં વિશ્વ બેંકે અનુમાન લગાવ્યું હતું. હવે ભારતની સફળતા એમાં જ છે કે તે વિકાસ દરને વધારે અને મોંઘવારી દરને ઓછો રાખે.***

# વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણીના ભાગરૂપે ચેતના સંસ્થા દ્વારા રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે ૩૧ મે ના દિવસ ને વિશ્વ તમાકુ નિષેધ દિવસ તરિકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ લોકોને તમાકુની શરીર પરની હાનીકારક અસરોથી અવગત કરાવવામાં આવે છે અને લોકોને તમાકુમુક્તિ માટે પ્રેરણા આપવામાં આવે છે.

ચેતના સંસ્થા, અમદાવાદ અને સલામ મુંબઈ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા આજ રોજ અમદાવાદ ખાતે "વિશ્વ તમાકુ નિષેધ દિવસ"ની ઉજવણીના સપ્તાહ પૂર્વે રાજ્યકક્ષાના કન્સલ્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આરોગ્ય વિભાગ, પ્રાથમિક શિક્ષણ વિભાગ, ખાદ્ય અને અન્ન સુરક્ષા વિભાગ, રાજ્ય તમાકુ નિયંત્રણ સેલ અને પોલીસ વિભાગ અને યુવાનો સાથે કાર્ય કરતી વિવિધ સંસ્થાઓમાંથી પ્રતિનિધિઓ જોડાયા હતા.કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય યુવાનોને તમાકુથી થતા નુકશાન અંગે જાગૃત કરવા તેમજ વિવિધ સંસ્થાઓ અને સરકાર સાથે મળીને યુવાનોના તમાકુ મુક્ત ભવિષ્યનું નિર્માણ કરવાનો છે.

આરોગ્ય વિભાગમાંથી ઉપસ્થિત રહેલા ડૉ. બીનાબેન વડાલીયાએ કિશોરો અને યુવાનોને કેવી રીતે તમાકુની ખરાબ આદતથી દુર રાખી શકાય છે તે અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી ડૉ. ચિંતન દેસાઈએ અમદાવાદ જિલ્લામાં કાર્યરત તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી.

ચેતના સંસ્થાના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી માલવ કપાસીએ અમદાવદ જિલ્લામાં કાર્યરત "તમાકુ મુક્ત શાળા" અભિયાન અંગે તેમજ તે અંગેના નવ માપદંડો ઉપર વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. સાથે સાથે રાજ્ય સરકારના અલગ અલગ વિભાગો સાથે મળીને તમાકુ નિયંત્રણ કેવી રીતે કરી શકાય તે અંગે કયા ક્યાં કાર્ય થઇ શકે છે તે અંગે જણાવ્યું હતું. રાજ્ય રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી ડૉ. જયેશ સોલંકીએ "રાજ્ય તમાકુ નિયંત્રણ સેલ" તેમજ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમના હેતુ તેમજ રાજયકક્ષાએ મેળવેલ સિદ્ધિઓ વિશે છણાવટ કરી હતી. સીમ્સ હોસ્પિટલ,અમદાવાદના કેન્સર સર્જન ડૉ. તરંગ પટેલે યુવાનો દ્વારા તમાકુની શરૂઆત કેવી રીતે કરવામાં આવે છે, જે સમય વીતતા આદતમાં પરિવર્તિત થાય છે અને અંતે નાણાકીય ભીંસ તેમજ કૌટુંબિક વિનાશનું કારણ આ જ વ્યસન બને છે તે અંગે ઉદાહરણ સહ સમજણ પૂરી પડી હતી. ડૉ. મલ્હાર પટેલ, રેડીએશન ઓક્રોલોજિસ્ટે ગુજરાત અને ભારતમાં તમાકુના વ્યસનનો વ્યાપ કેટલો નુકસાનકર્તા છે અંગે માહિતગાર કર્યા હતા.

ડેન્ટલ સર્જન ડૉ. જે.પી. પીલ્લાઈએ યુવાનોમાં તમાકુના વ્યસનને કારણે થતા મોઢાંના કેન્સરનો ખ્યાલ આપ્યો હતો.

NSS Unit, આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ ના ડૉ. ચિરાગ ત્રિવેદીએ જિલ્લા અને તાલુકા કક્ષાએ NSS ના વિદ્યાર્થીઓના સહયોગથી કેવી રીતે તમાકુ નિયંત્રણ કાર્યક્રમને વેગ આપી રહ્યા છે અને કરાવામા આવતી કાર્યક્રમ ની રૂપરેખા આપી હતી.

પોલીસ વિભાગમાંથી ઉપસ્થિત રહેલા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટરશ્રી જી.કે. ભરવાડે COTPA ૨૦૦૩ ની કલમ ૪ થી ૭ અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. ફૂડ સેફટી અધિકારી શ્રી સુરેશ ઓડે ખાદ્ય સુરક્ષા અધિનિયમના અમલીકરણ અંગે માહિતગાર કર્યા હતા.

# રામચરીત માનસમાં નવધા ભક્તિ (ભાગ-૫)

છઠ દમ શીલ બિરત બહુ કરમા,નિરત નિરંતર સજ્જન ધરમા.. "ભક્તિનું છઠ્ઠું સોપાન શબરીને સમજાવતાં ભગવાન શ્રી રામે તેના ચાર ભાગ કર્યા છે. (૧) દમઃ ઈન્દ્રિયોને તેના વિષયોથી હટાવવી, (૨) શીલઃ પરોપકાર,સદાચાર અને શિષ્ટતા, (૩) બિરત બહુ કરમાઃ અનેક કર્મોનો ત્યાગ. (૪) નિરત નિરંતર સજ્જન ધરમા..સંત ધર્મનું હૃદયથી હંમેશાં પાલન,સંતજીવનની મર્યાદાનું પાલન." આના ઉપર વિસ્તૃત ચર્ચા કરીએ તો..



દમઃદમનો અર્થ છે ઈન્દ્રિયોનું દમન કરવું. ઈન્દ્રિયોનું દમન કરવું એટલે નદીના ધસમસતા પ્રવાહને રોકવા સમાન કઠિન કાર્ય છે પરંતુ જ્ઞાનીઓના માટે તે કઠિન નથી કારણ કે તેમનું મન પોતાના પ્રભુ પરમાત્મામાં લાગેલું રહે છે અને ઈન્દ્રિયોની એ વિવશતા છે કે મનના વિના કંઇ કરી શકતી નથી. ભક્તિ વિષય ત્યાગ અને સંગ-ત્યાગથી જ સંપન્ન થાય છે.પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષયો છે જેના તરફ તે આકર્ષિત થાય છે અને પાંચ કર્મેન્દ્રિયો તેની સહાયક થાય છે અને આમ ભક્તિમાં બાધક બને છે. પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષય નીચે મુજબ છે જે વાસ્તવમાં પાંચ મહાતત્વોના ગુણ છે. (૧)આંખનો વિષય-રૂપ-અગ્નિનો ગુણ છે. (૨)નાકનો વિષય-ગંધ-પૃથ્વીનો ગુણ છે. (૩)કાનનો વિષય-શબ્દ-આકાશનો ગુણ છે. (૪)જીભનો વિષય-રસ-જળનો ગુણ છે. (૫)ત્વચાનો વિષય-સ્પર્શ-વાયુનો ગુણ છે.

જેવી રીતે કાચબો પોતાના અંગો સમેટી લે છે તેવી જ રીતે ભક્ત પોતાની ઈન્દ્રિયોને માયાના વિષયોથી હટાવી લે છે, પોતાની ઈન્દ્રિયોને બહિર્મુખ થવા દેતા નથી. મનને પ્રભુમાં લગાવવાથી તેમની ઈન્દ્રિયો અંતર્મુખી બની જાય છે. જ્ઞાનીના માટે આ પાંચ વિષયો બાધક બને છે પરંતુ ભક્તોના માટે સાધક બની જાય છે. જ્ઞાની નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મામાં મન લગાવે છે તો આ પાંચ વિષયો ઈન્દ્રિયોના દ્વારા તેના મનને ખેંચીને પોતાનામાં લગાવી દે છે. જ્ઞાની ઈન્દ્રિયોનું દમન કરવાનો પ્રયત્ન કરે તો જેમ નદી ઉપર જેટલા વધુ મોટા બંધ બાંધવામાં આવે તેટલી નદી વધુ વેગથી તેને તોડવા આગળ વધે છે તેમ ઈન્દ્રિયો પણ વધારે ભડકે છે એટલે ચતુર ઈજનેરો નદીના પ્રવાહને રોકવા તેમાંથી નહેરો કાઢી તેનો સિંચાઈ માટે ઉપયોગ કરે છે. આમ દમનની જગ્યાએ માર્ગાન્તરીકરણ કરે છે તેવી જ રીતે ભક્ત જ્ઞાનીની જેમ ઈન્દ્રિયોનું વિફલ દમન કરતા નથી પરંતુ તેનું માર્ગાન્તરીકરણ કરીને તેને પ્રભુસેવામાં લગાવી દે છે.

ભક્ત આંખો દ્વારા કણ કણમાં પોતાના પ્રભુ પરમાત્માનાં દર્શન કરે છે, કાન દ્વારા પ્રભુ પરમાત્માની વાણી અથવા યશ સાંભળે છે, નાકથી પ્રભુ પરમાત્માની સુગંધ સૂંઘે છે, જીભથી પ્રભુ પરમાત્માના મધુર રસનો આનંદ લે છે અને ત્વચાથી તેમનો ચરણ સ્પર્શ કરે છે તેવી રીતે કર્મેન્દ્રિયોને પણ પ્રભુ પરમાત્માના માટે જ પ્રયોગ કરે છે.

વિષય-ત્યાગ બે રીતે થાય છે:વિષયોનો સ્વરૂપથી ત્યાગ કરીને તથા વિષયોની આસક્તિનો ત્યાગ. જો કોઈ પ્રત્યક્ષરૂપથી વિષયોનો ત્યાગ કરી દે છે પરંતુ તેનું મન હંમેશાં વિષયોની પાછળ ફરતું રહે તો આવા ત્યાગથી શું ફાયદો? એટલા માટે ભક્તો વિષયોની આસક્તિનો ત્યાગ કરવાની વાત કહે છે. અનાસક્તિથી આવશ્યકતા અનુસાર ભોગોનું સેવન કરતાં કરતાં સદા સર્વદા તેનાથી નિર્લિપ્ત રહેવું એ જ ભક્તોનો વાસ્તવિક વિષય-ત્યાગ છે.

જે લોકો એમ માને છે કે વિષયોમાં આસક્ત રહીને, અમર્યાદિત વિષયોનો સંગ્રહ અને ઉપભોગ કરતાં કરતાં ભગવાનની ભક્તિ પ્રાપ્ત થઇ જશે અથવા એવું માને છે કે ભક્તિમાં વિષયોના ત્યાગની કોઇ આવશ્યકતા નથી તે બહુ મોટી ભૂલ કરી રહ્યા છે. ભક્તિમાં સમર્પણના કારણે પોતાના ભોગના માટે કોઇ વસ્તુ બાકી રહી જતી જ નથી. જે કંઇ છે એક પ્રભુ પરમાત્મા જ છે. શરીર વિષયભોગમાં લાગેલું રહે અને મન વિષયોમાં આસક્ત રહે તો પછી પોતાના પ્રિયતમ પરમાત્માની તન-મનથી સેવા કેવી રીતે થઇ શકે? એટલે વિષય ત્યાગ એ જ પ્રેમની કસોટી છે. બાહ્યભોગ તો ઠીક પરંતુ મનથી પણ વિષયોનું ચિંતન છોડવું પડશે કારણ કે એ નિયમ છે કે મન જે વસ્તુનું ચિંતન કરશે તેમાં જ તેની આસક્તિ થઇ જશે.

શ્રીમદ ભગવતગીતામાં કહ્યું છે કે વિષયોનું ચિંતન કરવાથી મન વિષયોમાં આસક્ત થઇ જાય છે અને મારૂં વારંવાર સ્મરણ કરવાથી તે મારામાં લીન થઇ જાય છે, એટલે ભક્તિની અભિલાષા રાખનારાઓએ તમામ વિષયોનો ત્યાગ કરી દેવો જોઇએ, સાથે સાથે એ પણ ઉલ્લેખનીય છે કે તે વિષયોનો જ ત્યાગ કરી દેવો જોઇએ કે જે અમારા મનને પ્રભુથી દુર કરી માયામાં લગાવે છે. ધ્યાન, ચિંતન, કિર્તન, સેવા, સુમિરણ, સત્સંગ વગેરે પ્રભુના અનુકૂળ વિષયોમાં તો તન મન ધનને ઉત્સાહપૂર્વક લગાડવું જોઇએ અને જે વિષયોના સંગ્રહ અને સેવનની શરીરયાત્રા અથવા કુટુંબના માટે નિતાંત આવશ્યકતા છે તેનો પણ શાસ્ત્રાનુસાર ઈશ્વરી આજ્ઞા સમજીને યથાસંભવ આવશ્યક માત્રામાં અનાસક્ત ભાવથી સંગ્રહ અને સેવન કરવું જોઈએ. અન્ય કોઈપણ ફળની કામના કે વિષયભોગની ઈચ્છાને મનમાં રાખ્યા વિના ફક્ત પ્રભુ પ્રેમના માટે અનાસક્ત ભાવથી કરવામાં આવેલ વિષયસેવન પણ વિષય-ત્યાગ સમાન છે.

શીલઃ ભક્તિમાં શીલની પરમ આવશ્યકતા છે. લોકમર્યાદા અને સદાચાર જ શીલ કહેવાય છે. ભક્તોની વિદ્યા વાદ-વિવાદના માટે હોતી નથી પરંતુ સંસારને સુખી કરવા માટે હોય છે. ભક્તોનું ધન પણ અભિમાન કરવા માટે નહી પરંતુ સેવા અને દાનના માટે હોય છે. સંતોની શક્તિ પણ બીજા કોઈને દુઃખ આપવા માટે નહી પરંતુ નિર્બળ પ્રાણીઓની રક્ષા કરવા માટે હોય છે. આમ સંતોના તમામ કાર્યો લોકમંગલની ભાવના તથા તમામને સુખી કરવાની કામનાથી કરવામાં આવે છે. ભગવાન શ્રીરામનું જીવન ચરીત્ર શીલનું ઉત્તમ ઉદાહરણ છે.

બિરત બહુ કરમાઃ ભક્તો બહુ ધંધાવાળા હોતા નથી. તેમના જીવનનો ફક્ત એકસૂત્રીય કાર્યક્રમ હોય છે અને તે છે પોતાના પ્રભુ પરમાત્માને પ્રસન્ન કરવા. જીવનના તમામ કાર્યો પોતાના પ્રભુ પરમાત્માની પ્રસન્નતા માટે કરવા એ જ તેમના જીવનનું ચરમ લક્ષ્યક હોય છે તેથી પ્રભુ પ્રેમમાં બાધક તમામ કાર્યોનો ત્યાગ કરી દે છે. ધર્મશાસ્ત્રોમાં ભક્તિમાર્ગના પથિકના માટે નીચેના કાર્યોથી બચવાની પ્રેરણા આપવામાં આવેલ છે. નિરાકાર પ્રભુ પરમાત્માને કોઇ દેવતા કે તત્વ વિશેષ સુધી સિમિત માનવા.. ભક્તોમાં જાતિ પાંતિનો ભેદ કરવો.. સદગુરૂને સામાન્ય મનુષ્ય માનવા.. પ્રસાદને સાધારણ ખાદ્ય પદાર્થ સમજવો.. ચરણામૃતને સાધારણ જળ સમજવું.. પ્રભુ લીલાઓને સાધારણ મનુષ્યના કાર્યો સમજવા.. ભક્તો અને ભક્તાનિઓને સાધારણ નર નારી સમજવા.. પ્રભુ પરમાત્મા અને શાસ્ત્રો પર અવિશ્વાસ કરવો.. સેવા સુમિરણ સત્સંગ વગેરેમાં આળસ કરવી..પ્રભુ ગુરૂ અને તેમની વાણીમાં શંકા કરવી.. સંતોના ગુણ દોષોની આલોચના કરવી.. પોતાને ઉત્તમ સમજવા.. કોઈપણ દેવતા કે શાસ્ત્રોની નિંદા કરવી.. પ્રભુ (ઉપાસ્ય દેવ)ની સામે પીઠ ફેરવીને બેસવું.. પ્રભુની સામે બૂટ-ચંપલ વગેરે પહેરીને અપવિત્ર અવસ્થામાં જવું.. પ્રભુની સામે માળા વગેરે ધારણ કરવાં.. પ્રભુ કે ગુરૂની સામે હાથ-પગ પહોળા કરીને બેસવું.. ગુરૂદેવની સામે જોર જોરથી બોલવું, ખડખડાટ હસવું કે તમાકું કે પાન ખાવું.. ક્રોધ કરવો.. માદક વસ્તુનું સેવન કરીને પ્રભુ-ગુરૂની સામે જવું.. કોઈનું અપમાન કરવું.. અતિથિ કે સંતનો આદર સત્કાર ન કરવો.. પોતાને મહાન ભક્ત,ધર્માત્મા,વિદ્વાન કે પુણ્યાત્મા સમજવા.. નાસ્તિક, લોભી, હિંસક, વ્યભિચારી અને જૂઠું બોલવાવાળાનો સંગ કરવો.. વિપત્તિમાં પ્રભુ પરમાત્માને દોષ લગાવવો.. સ્ત્રી, પૂત્ર, પરિવાર, આશ્રિત, દીન અને સંતનો યથાયોગ્ય પાલન પોષણ ન કરવું.. ધર્મ અને ભગવાનના નામ (જ્ઞાન)ને વેચીને ધન કમાવવું.. પોતાના પ્રભુ (સદગુરૂ)ને છોડીને અન્ય કોઈની પાસે આશા રાખવી.. સદગુરૂ મર્યાદાને તોડવી.. બ્રહ્મજ્ઞાની ન હોવાછતાં બ્રહ્મજ્ઞાની સમાન આચરણ કરવાં.. ભક્તોમાં ઉંચ નીચનો ભેદ કરવો.. અવતારોની લીલાની નિંદા કરવી.. પ્રભુ પરમાત્માના ચિત્ર, નામ કે પ્રતિમાનું અપમાન કરવું.. કોઈપણ જીવને કોઈપણ પ્રકારનું કષ્ટ પહોચાડવું.. તર્ક વિતર્કમાં હારી ગયા બાદ આસ્તિકતા છોડી દેવી.. અવતારોના જન્મ-કર્મોને સાધારણ સમજવા.. પ્રભુના યુગલ સ્વરૂપમાં દ્વૈત બુદ્ધિ રાખવી.. આ મુખ્ય મુખ્ય કાર્યો છે જેનાથી ભક્તિમાં બાધા આવે છે. સજ્જન પુરૂષો દ્વારા કરવા યોગ્ય કર્મોને છોડીને અન્ય તમામ કર્મોથી બચવા, વિરક્ત થવાની અહી પ્રેરણા આપવામાં આવેલ છે.

સજ્જન ધરમાઃ ઉપરોક્ત ત્યાગવા યોગ્ય કર્મોનો ત્યાગ કરીને સંતોના ધર્મનું નિરંતર પાલન કરવાનું છે. સંતોનો એક જ ધર્મ છે કે એક પ્રભુ પરમાત્માને જાણીને પોતાના મનમાં તેમના ઉપર દૃઢતા રાખવી કારણ કે જો મન સ્ત્રી કે પુરૂષની ઉપર લાગશે તો કામ વધશે, ધનનું ચિંતન કરીશું તો લોભ વધશે અને શત્રુનું ધ્યાન કરીશું તો વેર દ્વેષ ઈર્ષ્યા વધશે એટલે તો નારદભક્તિસૂત્ર(૬૩)માં કહ્યું છે કે.. સ્ત્રી ધન નાસ્તિક અને વેરીનું ચરિત્ર સાંભળવું જોઈએ નહી.

ભક્તો આસુરી સંપદાનો ત્યાગ કરીને દૈવી સંપત્તિનો સ્વીકાર કરે છે. સત્સંગ હરિકથા હરિ-ગુરૂ ચર્ચા હરિનામ હરિપ્રેમ સદાચાર શાસ્ત્ર વિવેક વૈરાગ્ય સેવા સરળતા નમ્રતા પરોપકાર ક્ષમા તિતિક્ષા (સહનશક્તિ) શૌચ દયા અહિંસા સત્ય બ્રહ્મચર્ય નિરાભિમાનતા શાંતિ વગેરે દૈવી સંપદા છે જેમાં સંતો પોતાના મનને લગાવી રાખે છે.

સંતોનો સૌથી પહેલો ધર્મ નિર્ભિકતા છે. જો નિર્ભિકતા ના આવે તો તમામ ગુણો અવગુણોમાં બદલાઈ જાય છે. ડરપોક વ્યક્તિની વિનમ્રતા ચાટુકારીતામાં બદલાઈ જાય છે અને તેની સહનશીલતા પણ વિવશતા (મજબૂરી) બની જાય છે.

ટૂંકમાં ગોસ્વામી તુલસીદાસજીએ છઠ્ઠી ભક્તિમાં ઈન્દ્રિયોનો નિગ્રહ, વિષયોના પ્રત્યે અનાસક્તિ, શીલ (સારો સ્વભાવ અને ચરીત્ર) પ્રભુની પ્રસન્નતાના માટે કરવા યોગ્ય કર્મોને છોડીને અન્ય કર્મોમાં વિરક્તિ તથા નિરંતર સંતોના ધર્મ(આચરણ)માં લાગ્યા રહેવું તે બતાવી હંમેશાં સતકર્મો કરવાની પ્રેરણા આપી છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમાહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદામાં સાર્વત્રિક વૃદ્ધિ

# પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨૩૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૫૫૪૪ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૪૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૨,૩૭૦ સોદાઓમાં કુલ રૂ.૧૪,૮૨૬.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૨૩૭.૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫૫૪૩.૭૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૧,૬૮૦ સોદાઓમાં કુલ રૂ.૩,૪૭૧.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૪૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૮૦૨ અને નીચામાં રૂ.૫૦,૪૭૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૧ વધી રૂ.૫૦,૭૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૯ વધી રૂ.૪૦,૬૦૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૦૭૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૫૧ના ભાવે ખૂલી, રૂ.૧૮૯ વધી રૂ.૫૦,૭૬૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૯૯૯ અને નીચામાં રૂ.૬૧,૪૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૭ વધી રૂ.૬૧,૮૭૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૦ વધી રૂ.૬૨,૧૫૯ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૮ વધી રૂ.૬૨,૧૭૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૦૦૭ સોદાઓમાં રૂ.૧,૯૨૦.૩૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૯૫ વધી રૂ.૨૪૭.૬૫ અને જસત મે વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૩૨૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૭.૭૫ વધી રૂ.૭૭૬.૮૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૭,૭૫૯ સોદાઓમાં કુલ રૂ.૩,૬૫૬.૬૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૪૧૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૫૮૨ અને નીચામાં રૂ.૮,૪૧૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૧ વધી રૂ.૮,૫૬૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૯૦ ઘટી રૂ.૬૨૦.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૪૧ સોદાઓમાં રૂ.૧૮૯.૪૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૯,૪૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૬૫૦ અને નીચામાં રૂ.૪૮,૯૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૦ ઘટી રૂ.૪૯,૨૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૧૦૯૭.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૫૩.૩૭ કરોડનાં ૩,૪૫૫.૨૪૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૭૧૮.૧૮ કરોડનાં ૨૭૭.૨૦૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૩૯૩.૪૮ કરોડનાં ૧૬,૪૦,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૨૬૩ કરોડનાં ૩૬૧૮૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૭૨.૬૩ કરોડનાં ૩૫૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૭૯ કરોડનાં ૧૫૦.૧૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૬૬.૫૮૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૦.૭૬૬ ટન, ક્રૂડ તેલમાં ૭૨૧૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૫૫૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૪૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૫૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૫.૦૨ કરોડનાં ૬૨૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ મે વાયદો ૧૪,૪૦૦ના સ્તરે ખૂલી, ૫૯ પોઈન્ટ વધી ૧૪,૪૬૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫,૫૪૩.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૪૬.૫૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫.૬૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૭૦.૨૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૩૭૦.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૮.૧૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૫ અને નીચામાં રૂ.૩૫ રહી, અંતે રૂ.૧૩.૫૦ વધી રૂ.૬૩.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જૂન રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૮.૨૦ અને નીચામાં રૂ.૪૫૦ રહી, અંતે રૂ.૫૯.૫૦ વધી રૂ.૫૩૦.૯૦ થયો હતો. નેચરલ ગેસ મે રૂ.૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૮૦ અને નીચામાં રૂ.૯ રહી, અંતે રૂ.૧૨.૯૦ ઘટી રૂ.૧૧.૩૦ થયો હતો. સોનું મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૩.૫૦ અને નીચામાં રૂ.૧૨૪ રહી, અંતે રૂ.૪૦ વધી રૂ.૧૮૧.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૯ અને નીચામાં રૂ.૨૪૮.૫૦ રહી, અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૨૬૦.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૦ અને નીચામાં રૂ.૪૨૦ રહી, અંતે રૂ.૧૬૦ ઘટી રૂ.૪૮૦.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૩૦ અને નીચામાં રૂ.૭ રહી, અંતે રૂ.૭.૦૫ વધી રૂ.૧૨.૬૫ થયો હતો. ક્રૂડ તેલ જૂન રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૫૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૦ અને નીચામાં રૂ.૪૫૮.૩૦ રહી, અંતે રૂ.૪૨.૬૦ ઘટી રૂ.૪૬૫.૨૦ થયો હતો. સોનું મે રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૮.૫૦ અને નીચામાં રૂ.૭૩ રહી, અંતે રૂ.૪૬.૫૦ ઘટી રૂ.૮૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૦૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૦૩.૫૦ અને નીચામાં રૂ.૧,૦૦૬.૫૦ રહી, અંતે રૂ.૨૭૬ ઘટી રૂ.૧,૦૬૧ થયો હતો.

# ૧૦૦થી વધારે ટ્રાન્સજેન્ડરોને નિઃશુલ્ક શિક્ષણ આપતી યુનિવર્સિટી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નો હેતુ ભારત રત્ન ડો.બી.આર આંબેડકરના સંકલ્પને સાકાર કરવાનો છે. કોઈ પણ ભેદભાવ થી મુક્ત અને ન્યાયી સુમેળ ભર્યો સમરસ સમાજ હોવો તે તેમની દૃષ્ટિ હતી અને આ જ વિચાર સાથે ડો. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા ૧૦૦થી વધુ ટ્રાન્સજેન્ડરોને એડમિશન આપવામાં આવ્યું છે. અને તેમને નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. અમી ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, વર્લ્ડ ટ્રાન્સજેન્ડર ડેના દિવસે તેમની યુનિવર્સિટી દ્વારા ૯૬ જેટલા અલગ-અલગ એનજીઓનો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને ટ્રાન્સજેન્ડરોની સાથે સેક્સ વર્કર્સ અને તેમના બાળકો, એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓને પણ આંબેડકર યુનિવર્સિટીમાં નિઃશુલ્ક એડમિશન આપવામાં આવ્યું હતું.

અહી દરેકને મુખ્ય પ્રવાહમાં અને સમાવિષ્ટ શિક્ષણ પ્રદાન કરવા માટે યુનિવર્સિટી દ્વારા એક પહેલ શ્ઈ૩૯;અત્રિ - સમાન તકો અને સમાવેશી શિક્ષણ કેન્દ્રશ્ઈ૩૯;ની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાતના નાગરિકોને સમાજના વંચિત વર્ગ જેમકે ટ્રાન્સજેન્ડરો, એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓ, સેકસ વર્કરસ અને તેમના બાળકો, જેલના કેદીઓ વિગેરેને ઉચ્ચ શિક્ષણ અને ટૂંકા ગાળાના વ્યવસાયિક અભ્યાસક્રમો પ્રદાન કરવામાં આવે છે.

અમી ઉપાધ્યાય વધુમાં જણાવે છે કે નેશનલ એજ્યુકેશન પોલિસી મુજબ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦% છે, પરંતુ તે હાલમાં ૨૭% જ છે, જેનું કારણ એ છે કે બાળકો નાની વયે શિક્ષણ છોડી દે છે અને આંબેડકર ઓપન યુનિવર્સિટી એ જ દિશામાં કાર્ય કરે છે કે વધુ વિદ્યાર્થીઓ શિક્ષણમાં જોડાય જેથી એલિજિબલ એનરોલમેન્ટ રેશિયોમાં વધારો થાય આથી આપોઆપ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધશે અને તે માટે ગુજરાત ઓપન સ્કૂલિંગ શુભારંભ ટૂંક સમયમાં જ બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે જેમાં ટ્રાન્સજેન્ડર, સેકસ વર્કર્સ અને તેમના બાળકોથી લઈને તમામ વ્યક્તિઓને શિક્ષણ આપવામાં આવશે.

હાલમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અન્ય પ્રાદેશિક કેન્દ્ર સ્થાપવા માટે સરકાર દ્વારા પણ ભાવનગર, સુરત, ભુજ અને પાલનપુરમાં પણ યુનિવર્સિટીની પોતાની જમીન ફાળવી આપી છે જ્યાં શિક્ષણના વેગને વધારવાનું કાર્ય હવે ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવશે.

ડો.બી.આર આંબેડકર ઓપન યુનિવર્સિટી એ ભારતની પ્રથમ ઓપન યુનિવર્સિટી છે જેણી વિદ્યાર્થીઓની સંભવિતતાઓને પ્લેટફોર્મ પૂરું પાડવા અને તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં ટેકો આપવા ઓપન ડિસ્ટન્સ લર્નિંગ સિસ્ટમમાં સાંસ્કૃતિક, સાહિત્યિક, અને રમતગમત - પ્રતિભા શોધ સ્પર્ધાઓ શરૂ કરી છે. જેના થકી ૧૮ થી ૬૦ - ૬૫ વર્ષના મહિલા પુરુષ કે ટ્રાન્સજેન્ડર પોતાનામાં રહેલી આંતરિક શક્તિઓ (તેજ પુંજ)ને તૃષા એટલે કે ઓળખ આપવાના પ્રયાસ કરે છે.

ધાવણા દીકરા સાથે માતા રંગોળીમાં ભાગ લેતી હોય, પિતા સાહિત્યને લગતી કવિતા સંભળાવતા હોય અને દીકરી તેના પિતાનો વિડિયો લેતી હોય આ પ્રકારની બાબત માત્ર ડો. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીની તેજ તૃષા ટેલેન્ટ હન્ટ માં જ જોવા મળે છે.

અહી ટ્રાન્સજેન્ડરો શિક્ષણ પ્રાપ્ત કરી આવા અદભુત તેજ તૃષા ટેલેન્ટ હન્ટમાં ભાગ લઈ સાંસ્કૃતિક કે સાહિત્યિક કાર્યક્રમો કરી સમાજને દર્પણ દર્શાવી જાગૃતિ લાવવાના પ્રયાસ કરે છે અને તે આ ઓપન યુનિવર્સિટીની અતુલ્ય ઘટના છે.

ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ એકમાત્ર યુનિવર્સિટી છે કે જેણે વર્ષ ૨૦૨૦માં (AIU) એસોસિયેશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીનું યજમાન પદ સાંભળ્યું હતું જેનું ઉદઘાટન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ડો. અમી ઉપાધ્યાયને પણ તેમના ઉમદા કાર્ય માટે ઓર્ડીનરી ફેલોશિપ કોમન વેલ્થ ઓફ લર્નિંગનો એવોર્ડ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાના વરદ હસ્તે પ્રાઈડ ઓફ નેશનનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. અહી શિક્ષણ પ્રાપ્ત કરી રહેલ ટ્રાન્સજેન્ડરો અને સેકસ વર્કર્સને પણ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા છે.

ડો.બી.આર. આંબેડકર યુનિવર્સિટી દ્વારા સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું ઉમદા કાર્ય કરી રહી છે, જેથી સમાજનો વંચિત વર્ગ મુખ્ય પ્રવાહમાં ગૌરવભેર જીવી શકે.

મિતેષ સોલંકી



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા પ્રાતઃ સ્મરણિય સંત શ્રી પુનિત મહારજના ૧૧૪મા પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે તેઓશ્રી પ્રેરિત ×પ્રભાત ફેરી-નગર કીર્તન× તથા ×ભાખરી દાન× નુ આયોજન કરવામાં આવ્યુ હતુ.





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## NOG SS No: 0110

પ્રકાર : અનુભવ લેખ
વિષય : ભાગ્ય-અહોભાગ્ય
શબ્દો : ૩૪૯
શીર્ષક : 'કૃતજ્ઞતા'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

ભાગ્ય-અહોભાગ્ય જેવા સુંદર વિષયે લખતાં મને મારા પોતાના અહોભાગ્ય વિશે વાત કરવાની ઈચ્છા થઈ આવી. અહોભાગ્ય એટલે મનમાંથી સુખની અનુભૂતિ સાથે અનાયાસે નીકળી આવતો શબ્દ 'અહો...ભાગ્ય!'. એક સામાન્ય કુટુંબમાં જન્મ અને નાનપણમાં માતા-પિતાના સાદગીભર્યા જીવન-આચરણમાંથી મને સંતાન તરીકે આદર્શ જીવનના મૂલ્યો ઝીલવા મળ્યા અને દુનિયામાં સુખની અને સંબંધોની સાચી ઓળખ થઈ એ મારું અહોભાગ્ય.
એક એવી ઉચ્ચ મૂલ્યો શીખવતી ગુજરાતી માધ્યમની શાળામાં શિક્ષણ મળ્યું, જ્યાં શિક્ષણ ફી કરતાં વિશેષ સંસ્કારસિંચન, ચારિત્ર્ય ઘડતર, સમાનતા અને માનવીય મૂલ્યોને મહત્વ અપાતું હતું. શાળાના મસમોટા ખુલ્લા રેતાળ મેદાનમાં મિત્રો સાથે ભરપૂર ધિંગામસ્તી કરી બાળપણની મજા માણી એ મારું અહોભાગ્ય જ હતું.
આગળ જતાં એક સુશીલ, સુશિક્ષિત અને સમજદાર જીવનસંગિની પત્ની જીવનમાં પ્રવેશી,જેણે ખૂબ સમજદારીપૂર્વક મારી ખામીઓને અવગણી અને ખૂબીઓને ઉપસાવવામાં હંમેશા સાથ આપ્યો. મારી કારકિર્દીની વ્યસ્તતા વચ્ચે પોતે પણ કામ કરતી સ્ત્રી હોવા છતાં પોતાની ક્ષમતાઓને ઓળંગી જઈ સંતાનોના સર્વાંગી ઉછેરની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી. જીવનયાત્રામાં આવી ખભે ખભો મિલાવીને સાથે ચાલનાર જીવનસંગિની મળવી એ મારું નર્યું અહોભાગ્ય જ તો છે.
મોટી વૈજ્ઞાનિક સંશોધન સંસ્થામાં પ્રતિષ્ઠિત પદ ઉપર રહી વર્ષો સુધી કામ કરી કારકિર્દી બનાવવાની તક મળી તેનાથી મોટું અહોભાગ્ય મારા માટે શું હોઈ શકે? નાનપણમાં જે ભૌતિક સુખ-સગવડની કલ્પના કરી નહોતી તે ભાગ્યમાં સામેથી આવીને મળી. દૂરના સ્થળોની મુલાકાત અને વિમાનની મુસાફરીનું સ્વપ્ન વારંવાર સાકાર થતું ગયું. મારે માટે આ બધું ઈશ્વરની કૃપા અને અહોભાગ્યથી જરાય ઉતરતું નથી.
સંતાનોનું શિક્ષણ, કારકિર્દી અને જીવન ઘડતર આ ત્રણેય બાબતો મુખ્યત્વે દરેક માતા-પિતા માટે અપાર મહત્વ ધરાવે છે. મેં શિક્ષણ લીધું હતું તે જ ગુજરાતી માધ્યમની પ્રતિષ્ઠિત શાળામાં મારા બંને બાળકોએ શિક્ષણ લીધું. મને તેમના શિક્ષણમાં, તેજસ્વિતા કે ચારિત્ર્ય ઘડતરમાં શિક્ષણના ગુજરાતી માધ્યમને કારણે કોઈ અભાવ દેખાયો નહીં. આજે બંને બાળકોની વ્યવસાયિક સ્પર્ધાના વિશ્વમાં સફળ કારકિર્દી સાથે તેમાં ઉચ્ચ સોપાનો સર કરતાં અને સાથે આપસી સંબંધો અને માનવીય સંવેદનાઓને પણ અગત્યતા આપતાં જોઈ અમે માતા-પિતા તરીકે ખૂબ સંતોષ અને ગર્વ અનુભવીએ છીએ. માતા-પિતા તરીકે આનાથી મોટું અહોભાગ્ય શું હોઈ શકે?
જીવનમાં જુદા જુદા તબક્કે સદાય મને સકારાત્મક ઊર્જા વેરતા મિત્રો અને હિતેચ્છુઓ સાંપડ્યા છે જેમણે મને સારા કાર્યોમાં સતત ટેકો આપ્યો અને મારી નબળી ક્ષણોને સંભાળી લીધી. મારા જીવનમાં ઘટેલી અહોભાગ્યની આ પ્રત્યેક ઘટનાઓ માટે હું સર્વથા વિધાતા પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાની લાગણી અનુભવી રહ્યો છું.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

-----------------------------------------------

શિર્ષક :-આંખે ઉઘડયા ચાંદ
પ્રકાર : ગદ્ય

## NOG SS No : 109

આંખે ઉઘડ્યા ચાંદ મારી.
આંખે ઉઘડયા ચાંદ મારી નવલખ તારા ખિલ્યા,
સાતે રંગી મ્હેંદી ભરી હથેળી મલક વળ્યા.
ફોરંતું આ કોઈ રમે ભાગ્ય મારું ઓઢી,
નસીબ કહે એટલું મારું આખે આખું ચઢી.
આંખે ઉઘડયા ચાંદ મારી........
ઓગળી ઓગળી લાટો થયો ગાડા પૈંડા જેવો,
લાખ બની ચોટી ગયો અંદર બહાર એવો.
રેલો એનો ચાલ્યો ગયો ભીતરી બજાર મહી,
ઝબકી ઊઠી દીવાબત્તી યે પૂનમ ઉઘડી કહી.
આંખે ઉઘડયા ચાંદ મારી.....
સમજું મારું ભાગ્ય અહી કે સમજું અહોભાગ્ય,
વાટ પડી ગઈ દુર્ગમ રાહે મરું ધરામાં યોગ્ય.
વાંસળી વાગે વૃંદાવન જાણે ટહુંકે ટહુંકે મોરલા,
નાચે મનડું થનગન થાતું નસીબ બલિહારી હોલા.
આંખે ઉઘડયા ચાંદ મારી.......

બાબુ સંગાડા....મહેક.. હાલોલ

-----------------------------------------------

## Nog ss :-0038

વિભાગ :-પદ્ય
શીર્ષક :- ભાગ્ય, અહોભાગ્ય

ભાગ્ય મારા તારે હાથે તે લખ્યા છે,
વિધાતા બની લેખ તે લખ્યા છે.
અહોભાગ્ય મળ્યો માનવ દેહ મને,
એકએક પથ જીવનના તે લખ્યા છે.
ભટકું જો આમતેમ હું ક્યારેક જગમાં,
નસીબમાં સુખદુઃખ તે લખ્યા છે.
કોણ મળશે કોણ થશે જુદું જીવનમાં,
મિલનને વિરહ અહીંયા તે લખ્યા છે.
છે સર્વશક્તિમાન જગમાં તું હે ! પ્રભુ,
મારી કસોટીના પેપર પણ તે લખ્યા છે.

શીલા પટેલ "આકાંક્ષા"

-----------------------------------------------

## NOG SS No : 114

વિભાગ : પદ્ય
શબ્દ : ભાગ્ય ,અહોભાગ્ય
શીર્ષક: ગિરનારની ગોદમાં
શબ્દ સંખ્યા-૮૦

રચના- ક્યારેક મારા અસ્તિત્વને શોધવાની કોશિશ કરું છું,
હવાઓ સાથે વાત કરી,મન ભરુ છું, ચહેરા પર મંદ હાસ્ય મૂકી કુદરત સાથે વાતો કરું છું,
મળી ગયો એકાંતનો ખભો આજ મને,"અહોભાગ્ય" અમારા કે આજે ગિરનારે ખુદ અમને પોતાની ગોદમા લીધી છે,જાણે આજે અમારું ભાગ્ય ખીલ્યુ કે અમને મા અંબાના સાક્ષાત દર્શન થયાં, ચારેકોર આસમાનના રંગો ખીલ્યા પંખીઓનો કલરવ, મનમાં નીરવ શાંતિ, બસ હું અને આ ગિરનારની મસ્ત મજાની લહેરો.

કથીરીયા પ્રવિણા "પવી".નવસારી.

-----------------------------------------------

## NOG SS No : 0092

પ્રકારઃ- પદ્ય
વિષયઃ- ભાગ્ય- અહોભાગ્ય
શિર્ષક :- નસીબની બલિહારી

મહામારીના આ યુગમાં સાજા રહેવું,
એ નસીબની બલિહારી છે.
હું ગર્વ શું કરું મારા ઉપર?
પ્રભુ આ તો કૃપા તમારી છે.
દગો, છેતરપિંડી જ્યાં ચોમેર છે વ્યાપી રહયાં,
ત્યાં સલામત રહેવું એ નસીબની બલિહારી છે.
હું ક્યાં એટલી સમજદાર છું ?
બચાવી રાખનાર એ 'ગિરિરાજધારી' છે.
અકસ્માતોથી રોજ ભરેલા હોય છે છાપાના પાના,
એમાંથી રોજ થતી બાદબાકી મારી છે.
રોજ સાંજે સલામત ઘેર પહોંચાડતી એ કૃપા દ્રષ્ટિ પ્રભુ તારી છે.
ખુના- મરકી, હિંસા ને સ્ત્રીઓ સાથે થતી દુર્ઘટનાઓથી,
સતત મને બચાવી રાખનાર નજર પ્રભુ તારી છે.
કામકાજ માટે ઘર અને બહાર સુરક્ષિતતા તે આપી,
મારા જીવનની પળે- પળ તારા પર વારી છે.
દીકરીના જન્મને જ્યાં બોજ માની ઉપેક્ષા થતી,
ત્યાં સન્માન આપી તે મારી અસ્મિતા વધારી છે.
દીકરીના મા-બાપ હોવાનું ગર્વ તે એમને કરાવ્યું,
મારી જિંદગી તારી અને બસ તારી જ છે.
યુદ્ધ, વિગ્રહો ને વિવાદોથી ભરેલી આ દુનિયામાં,
ભારતભૂમિ પર જન્મ લેવો નસીબની બલિહારી છે.
જ્યાં સ્નેહ, ક્ષમા, સૌહાર્દ, ને શુરવીરતા કણ-કણમાં વસે છે,
એ માતૃભૂમિ મને મારા પ્રાણથીય પ્યારી છે.

અલકા નવિનચંદ્ર મહેતા..ગાંધીનગર

-----------------------------------------------

## N o g : s s no : 0082 ,

વિષય : ભાગ્ય અહોભાગ્ય ,
પ્રકાર : ગદ્ય ,
શીર્ષક : જીવન શૈલી અને ભવ્ય રેખા ,

આપણા હિન્દુ ધર્મ અનુસાર દરેક વ્યક્તિ જનમ સાથે સંપૂર્ણ જીવન અને ગ્રહોની દ્રષ્ટિ નાં અભૂતપૂર્વ મિલાપથી યોગાનુ સાર આ જનમ દરમિયાન સુખ દુઃખ, પરદેશ ગમન, પ્રિય પ્રીતિ પાત્ર , માબાપ નું સુખ , પૌત્ર પુત્રાદી સુખ વગેરે યોગ્ય સમયે અચૂક પ્રાપ્ત કરે છે ,
"મારા અહોભાગ્ય કે તમે અમને મળ્યા " એ ઉક્તિ જે વ્યક્તિ કે પ્રિય પાત્ર જીવનમાં મળે તેના માટે અંતરના ઉદ્દગારથી બોલાય છે ,
આ વાક્ય ઘણું બધું દર્શાવે છે,
આમાં સામેની વ્યક્તિ પોતાના માટે કેટલી બધી ઉપયોગી છે, તેનું મહત્વ દર્શાવે છે
'ભાગ્ય હિન નર સદા દુઃખી "
આવા શબ્દ પ્રયોગથી માનવી કેટલો સ્વકર્મી કે પરકર્મી છે તે જણાય છે ,
જે વ્યક્તિ ખૂબ ભાગ્યશાળી હોય તે તેના આ જન્મમાં એક માત્ર પ્રયત્નથી સફળતાની સીડી ઝટપટ ચઢી જાય છે ,
તેના જીવનમાં મુશ્કેલીઓ આવતી હોય છે , પણ ખૂબ જ સરળતાથી રસ્તો બની જાય છે ,
ભાગ્ય ચમકાવવા મોંઘા મોંઘા નંગ , હીરાની વીંટીઓ , ધારણ કરી પોતાનુ ભાગ્ય ચમકાવે છે,
અથાગ મહેનત અને પરિશ્રમ એજ દરેકના જીવનને સુખ રુપ
બનાવે છે , ભાગ્યને ચમકતું રાખવા કુશાગ્ર બુદ્ધિ , ચાતુર્ય , મજબૂત નિર્ણય શક્તિ , અને અનેરો વિશ્વાસ હોવો જરૂરી છે,
"સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઝમઝમ"
આ સોનેરી વાક્ય જીવન ઘડતર માટે આપણા પૂર્વજો દ્વારા આપણને મોટી ભેટ છે ,
"ભાગ્ય મે લીખા હુઆ કોઈ મિટા નહી શકતા , હાથોકે બલ જો પાયા હૈ ઉસે કોઈ ચૂરા નહી શકતા "

ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

-----------------------------------------------

## NOG SS No : 100

નામ : બીજલ જગડ
વિષય : ભાગ્ય અહોભાગ્ય
શીર્ષક : કર્તાહાર

દરેક મનુષ્યે એ સમજવાની જરૂર છે કે તેમની ચેતના સૌથી નીચા સ્તરે પડવાની ક્ષમતા ધરાવે છે અથવા તેઓ ચેતનાના સર્વોચ્ચ શિખર સુધી પણ પહોંચી શકે છે !!
કોઈ ભાગ્ય નથી, કોઈ નિયતિ નથી તમે ફક્ત એવી વસ્તુ પર તમારી જવાબદારી થોપવાનો પ્રયાસ કરી રહ્યા છો જે અસ્તિત્વમાં જ નથી. તે જ્યારે અસ્તિત્વમાં જ નથી તો તે તમારો ક્યારેય પ્રતિકાર કરી શકશે નહીં !! તે એમ ન કહી શકે, "કૃપા કરીને મારા પર જવાબદારી ન નાખો.
ભાગ્ય પર દરેક વસ્તુને દોષી ઠારાવવતા તમને તમારી બિન-ઉત્પાદક ક્રિયાઓ અન્ય લોકો પર થોપી પોતાની જવાબદારી થી આપ ભાગી રહ્યા છો.
બધું ભાગ્ય દ્વારા નક્કી કરવામાં આવે છે એવું માનીએ તો "સફળતા હોય કે નિષ્ફળતા, સમૃદ્ધિ હોય કે ગરીબી, માંદગી હોય કે સ્વાસ્થ્ય, જીવન હોય કે મૃત્યુ, બધુ જ ભાગ્ય નામની અજાણી શક્તિના હાથમાં છે" હું મારા સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યો છું, છતાં પણ હું નિષ્ફળ જ જાઉં છું. હું મને ઉપદેશ આપેલા તમામ નૈતિક સિદ્ધાંતોનું પાલન કરું છું, તેમ છતાં હું ગરીબ છું અને હું દરેક પ્રકારના અનૈતિક લોકોને વધુ ધનવાન, આગળ વધતા, પ્રખ્યાત થતા જોઉં છું. તે બધું ભાગ્ય છે."
તે તમને તમારી નિષ્ફળતામાં આશ્વાસન આપે છે. તે સમયે તમને છટકબારી મળશે પણ જ્યાં સુધી ભાગ્ય નું અર્થઘટન નહિ સમજો ત્યાં સુધી ફરી ફરી આવી પરિસ્થિતિ આપના જીવનમાં ઊભી થાય કરશે.
સદનસીબે, કમનસીબે સ્વતંત્રતા જવાબદારી સાથે આવે છે, ફક્ત એજ વ્યક્તિ જાણી શકે છ જે પોતાના કાર્ય ની જવાબદારી લે છે. કોઈ આકાશમાંથી અજાણ્યો હાથ આપની મદદે આવશે એની રાહ જોવી એ મૂર્ખતા છે કારણ કોઈ ભગવાન તમારા વતી પગલાં લેવા માટે નીચે નથી આવવાના.
તમારી જાતને છેતરો નહીં ; જ્યોતિષીઓ, હસ્તરેખાશાસ્ત્રીઓ, તમારા ભવિષ્યના અનુમાનો આ ફક્ત માર્ગદર્શન રૂપી છે. તમે જે કંઈ જીવનમાં ઈચ્છો છો એની જવાબદારી અને તર્ક સંગતથી લીધેલા નિર્ણય જ આપને જીવનમાં તમે જે ઈચ્છો છો તે તમને મળશે. તે પરિસ્થિતિ પ્રત્યે તમારા જવાબદાર સ્વભાવની ભેટ છે.તમે તમારે જે જીવન માં જરૂરી કરવાનું છે તે કરવું જ રહ્યું , એ તમારે જાતે જ ઘડવાનું રહેશે.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

-----------------------------------------------

## NOG NO. S.S. 0059

વિષય શબ્દઃ ભાગ્ય- અહોભાગ્ય .
પ્રકારઃ ગદ્ય- લેખ.
શીર્ષકઃ 'ખ્વાહિસ બનું અહોભાગી
શબ્દોઃ ૩૨૫.
જયકાન્ત ઘેલાણી --પ્યારે".

હિન્દુ માન્યતા પ્રમાણે, માનવના જન્મના છઠ્ઠા દિવસે, ભાગ્યનીદેવી- વિધાતા તે વ્યકિતના,તેના કર્મોને આધીન,લેખ લખે છે, અને તે પ્રમાણે બધું સમયે સમયે બનતું રહે છે, અને તેથી કહેવાય છે કે, ભાઈ, 'વિધાતાએ લખેલાં છઠ્ઠીનાં લેખમાં મેખ ન હોય'!
આજ કારણ છે !
'માનો યા ન માનો' પણ,
' ભાગ્ય' 'અહોભાગ્ય' તો છેજ !
હા, પ્રારબ્ધને, પુરૂષાર્થના બળે બદલી શકાય છે.તેનાં જ્વલંત ઉદાહરણ અનુભવ્યાબાદ , જોયાં બાદ 'પ્યારે' એ અન્ય વ્યકિતની જીવનકથામાં સત્ય લખ્યું છે કે,
'પુરૂષાર્થની પાંખે ઉડી,પ્યારે',
માનવ પ્રારબ્ધને પલટી શકેછે'.
આજે આપણે પ્રારબ્ધ ને પુરૂષાર્થના બળે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરનારાનાં ઉદાહરણ જોઈએ.
દેશને ગુલામીની જંજીરમાંથી મુક્તિ અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી છે,તો ઈસરોના સંસ્થાપક શ્રી અબ્દુલ કલામ આઝાદ જેઓ આપણા રાષ્ટ્રપતિ પણ બન્યા હતા,તો ઉદ્યોગપતિ શ્રી રતન ટાટા પરિવારછે તો શ્રી ધીરૂભાઈ અંબાણી, અદાણી પરિવાર છે,જેઓએ શૂન્યમાંથી વિરાટ કાર્યોનું સર્જન કર્યુ છે. 'ભાગ્ય'કર્મો ને આધીન હોઈ શકે, પણ, અહોભાગ્ય તો, જીવનમાં મળેલી,દરેક હકીકતનો સહર્ષ સ્વીકાર કરી, નિઃસ્વાર્થભાવે માનવસેવા, સાથે રાષ્ટ્રસેવાને પ્રાધાન્ય આપી પોતાનું સંપૂર્ણ જીવન સમાજ ચરણે, રાષ્ટ્ર ચરણે ધરે તેને કહેવાય.
અને તેનાં સીમિત ઉદાહરણ આપણને જોવાં મળશે, સાંભળવામાં આવશે,
એકવીસમી સદીમાં , ભયંકર કોરોનાકાળમાં સમગ્ર વિશ્વની માનવજાત,ભયભીત, અસહાય બની ચૂકી હતી,તેવા કઠીન- કપરાકાળમાં સમસ્તમાનવ જાતીની દ્રષ્ટિ, આપણાં ભારતદેશ તરફ અને વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી તરફ હતી,
તેવા વિકટ સમયે, અલ્પ સમયમાં કોરોના રસીની શોધ કરી કરોડો પ્રજાજનોના □દયમાં આશા સાથે ચેતનાનો સંચાર કરાવ્યો હતો. પરિણામ સ્વરૂપે, શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે એક અનોખી છાપ ઊભી થઈ.,,,
વિશ્વનુ અહોભાગ્ય કે આપણને આ અહોભાગ્ય વ્યકિત મળી !.
અહોભાગ્યનું આનાથી ઉત્કૃષ્ટ ઉદાહરણ હોઈ શકે ખરૂં?
જ્યારે યુગોથી સચવાઈ રહ્યોછે
પ્યારે' ગુજરાતી સાહિત્ય વારસો.
ખ્વાહીસ! છેમારી, મા સરસ્વતી!
સર્જુ,સાહિત્ય,યાદ રહે યુગોસુધી.
જગમા બનુ-નાબનુ ભાગ્યશાળી, લેશમાત્ર અફસોસ મનને નહીં, બનું હું,એક,'અહોભાગી''જગમા,
પ્રાર્થના,ઈશ્વરને એકજ મારીરહી.

-----------------------------------------------

## N.O.G. S.S. No.0102.

નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- ભાગ્ય અહોભાગ્ય.
પ્રકારઃ-. ગદ્ય.
શીર્ષકઃ-માનવીનું ભાગ્ય અને અહોભાગ્ય.
રચનાઃ-

આપણા શાસ્ત્રોમાં જણાવ્યું છે કે માનવનો જન્મ થાય છે, ત્યારે તેનું ભાગ્ય લખાઈ ચુક્યું હોય છે.
જન્મતાની સાથે જ માણસ પોતાના પૂર્વ જન્મના સંચિત કર્મો સાથે અવતાર ધારણ કરે છે.
માનવીના ભાગ્યમાં જે લખાયું હોય ,તે તેમને મળે છે .તેના સિવાય કંઈ પણ વધારે ને કાંઈપણ ઓછું મળતું નથી . જો કોઈ વધારે મળે તો આપણે તેને અહોભાગ્ય કહીએ છીએ.
માબાપે જન્મ આપ્યો તે ભાગ્ય, શિક્ષણ અને સંસ્કાર આપી અને સારી નોકરી મળે ,તે અહોભાગ્ય.
નોકરી સારી મળી તે ભાગ્ય .સાથે બોસ પણ સારા મળે તે અહોભાગ્ય.
લગ્નના સાંસારિક જીવનનો આનંદ ભાગ્ય પરંતુ સંતાનનો જન્મ થાય તો તે અહોભાગ્ય છે.
સંતાન મોટા થઈ નોકરી કરતા થાય તો તે તેનું ભાગ્ય ,અને મા-બાપની સેવા કરે અને તેને આનંદ આપે તો તેને અહોભાગ્ય કહેવાય.
આપણે બધા જ સુખ સગવડો મળે તો ભાગ્ય અને તેનાથી પણ વધારે જો સુખ-સંપત્તિ પ્રાપ્ત થાય સુખો મળે હરવા-ફરવાનું મળે તો તે આપણું અહોભાગ્ય છે. સુખ દુઃખ માનવના જીવનમાં આવ્યા રાખે છે પરંતુ દુઃખને પણ સુખ ગણીએ તો તે ભાગ્ય અને દુઃખના દિવસો આનંદપૂર્વક પસાર કરીએ તો તેને અહોભાગ્ય કહેવાય. રામને અયોધ્યા ની ગાદી મળવાની હતી પરંતુ તેના નસીબમાં વનવાસ આવ્યો તો તે પણ તેણે અહોભાગ્ય માની અને સ્વીકારી લીધો. માતા પાર્વતીએ સિતામાતાનું સ્વરૂપ ધારણ કરી અને તેની પરીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો ,અને તેના પરિણામે ભગવાન શંકરે માતા પાર્વતીને સાડત્રીસ હજાર વર્ષ સુધી ત્યાગ કરી અને મહાસમાધિ લીધી. શાસ્ત્રોમાં સંતો અને ભગવાન ઉપર પણ અનેક પ્રકારના દુઃખો પડ્યા છે તો તેઓએ આ બધી બાબતને ભાગ્ય માની તેનો સ્વીકાર કરી તેમનો સામનો કર્યો અને જીવન જીતી ગયા છે. માનવીએ પણ આ જ રસ્તો અપનાવવો જોઈએ .આપણે આપણા ભાગ્યમાં છે તે જ મળશે વધુ મળશે તો તે અહોભાગ્ય છે .જે હોય તેનો ભગવાન તરફથી સ્વીકાર કરી આનંદથી
જીવન જીવો એ જ સાચું જીવન છે.
સુખ-દુઃખમાં સમત્વ જાળવવું.

રતીલાલ વાયડા;નવી મુંબઈ,

## મુખ્યમંત્રી બનાસકાંઠા ની મુલાકાતે...

# થરાદ એ.પી.એમ.સી.માં મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ




બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જીલ્લાઓના વિકાસ કામો અને રાજ્ય-કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાઓની પ્રગતિ કામગીરીની સમીક્ષા માટે જીલ્લા અધિકારીઓ-પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવાનો ઉપક્રમ શરૂ કર્યો છે. જે અંતર્ગત મુખ્યમંત્રીએ શુક્રવાર તા. ૨૦ મેના રોજ થરાદ એ.પી.એમ.સી. માં વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ તંત્રના અધિકારીઓને નાના-મોટા પ્રજાલક્ષી પ્રશ્નો અંગે પૃચ્છા કરી તેના ઝડપી નિરાકરણ માટે સુચના આપી હતી. સમીક્ષા બેઠકમાં પદાધિકારીઓ દ્વારા રજૂ થયેલા પ્રજાકીય પ્રશ્નોના ઝડપી નિવારણ માટે મુખ્યમંત્રીએ જીલ્લા અને અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. બનાસકાંઠા જીલ્લા કલેક્ટર આનંદ પટેલે મુખ્યમંત્રી સમક્ષ બનાસકાંઠા જીલ્લામાં રાજ્ય સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓના અમલીકરણ અને પ્રાપ્ત થયેલ લક્ષ્યાંકોની વિગતો આપી હતી અને જીલ્લામાં થયેલા વિવિધ વિકાસ કાર્યોની રૂપરેખા રજૂ કરી હતી. આ બેઠકમાં બનાસકાંઠા જીલ્લા વિકાસ અધિકારી સ્વપ્નીલ ખરે, રેન્જ આઇ.જી. જે.આર. મોથલીયા, પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણા, સાંસદ પરબતભાઇ પટેલ, પ્રભારી મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વગૃહ મંત્રી રજનીભાઇ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, સહીત પદાધિકારીઓ અને જીલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



હોટેલ મેરિયટ ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર સાથે ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ના તંત્રી પ્રદીપ રાવલ ની પ્રેસ બ્રિફિંગ બાદ મુલાકાત.....

# ગાંધીનગર મહાનગર વોર્ડ નં.૯ના ભાજપાના જનસંપર્ક કાર્યાલયનો શુભારંભ

## પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ તેમજ પરમ પૂજ્ય પી.પી.સ્વામીજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયો ઉદ્‌ઘાટન સમારોહ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, તા. ૧૯ મે ૨૦૨૨, ગુરૂવારના રોજ ગાંધીનગર મહાનગર વોર્ડ નં.૯ના ભાજપા જનસંપર્ક કાર્યાલય(સરનામું:શોપિંગ સેન્ટર, સે.૨)નું ઉદ્‌ઘાટન પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઇ પટેલ તેમજ પરમ પૂજ્ય પી.પી.સ્વામીજીની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રીહિતેશ મકવાણા, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સંગઠનના સર્વે પદાધિકારીઓ, તમામ નગરસેવકો તેમજ કાર્યકર્તાઓને જનતાના સ્થાનિક પ્રશ્નો અંગે અવિરતપણે જાગૃત રહી સતત કાર્યશીલ રહેવા માટે આહવાન કર્યું હતું અને સંગઠન અને નગરસેવકોની પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી હતી. પરમ પૂજ્ય પી.પી.સ્વામીજીએ આશીર્વચન પાઠવી ઉપસ્થિત સૌને જનતાની સેવામાં સતત પરોવાયેલા રહી જનતાના હિતના વધુ ને વધુ કામ કરવા માટે જણાવ્યું હતું.

વોર્ડ નં.૯ ના જનસંપર્ક કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે વોર્ડ સંગઠનના ભાજપાના પ્રમુખશ્રી કમલેશ બેંકર તથા હોદેદારો તેમજ જનતાના આશીર્વાદથી નગરસેવક તરીકે ચૂંટાયેલા રાજુભાઇ પટેલ, ડૉ. સંકેત પંચાસરા, અલ્પાબેન પટેલ, શૈલાબેન ત્રિવેદીએ સતત સક્રિય રહીને વોર્ડમાં રહેતા નાગરિકો માટે મક્કમતાથી કાર્ય કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# ડાંગ જિલ્લામા તા. ૨૨મી એ 'કોવિડ-૧૯ રસીકરણ મેગા કેમ્પ'નુ કરાયુ આયોજન

આહવાઃ તાઃ ૨૦:

સમગ્ર ગુજરાત રાજયની જેમ ડાંગ જિલ્લામા પણ આગામી તા. ૨૨-૫-૨૦૨૨ ને રવિવારના રોજ, સવારે ૯:૩૦ કલાકેથી સાંજના ૦૫:૦૦ કલાક દરમ્યાન ૧૨ વર્ષથી વધુ વયજૂથના તમામ લાભાર્થી, જેઓ કોવિડ રસીકરણમા પ્રથમ ડોઝ/બીજો ડોઝ, અથવા પ્રિ-કોશન ડોઝ લેવામા બાકી રહી ગયા હોય, તેવા તમામ લાભાર્થીઓને આવરી લેવા 'કોવિડ રસીકરણ મેગા કેમ્પ'નુ આયોજન કરવામા આવ્યુ છે. ડાંગના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. હિમાંશુ ગામીતે એક અખબારી યાદીમા જણાવ્યુ છે કે, કોવિડ રસીકરણમા બીજો અથવા પ્રિ-કોશન ડોઝ લેવાના બાકી રહી ગયેલા લાભાર્થીઓને આવરી લેવા, આશા બહેનો દ્વારા સંપર્ક કરીને બોલાવવામાં આવશે. અથવા ×હર ઘર દસ્તક× મુજબ ઘરે-ઘરે જઈને કોવિડ રસીકરણ કામગીરી આરોગ્યની ટીમ દ્વારા કરવામા આવશે. આ કામગીરી જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે હાથ ધરાશે. જેનો સમગ્ર ડાંગ જિલ્લાની જાહેર જનતાએ લાભ લેવા અનુરોધ કરાયો છે.

નરેન્દ્ર પવાર,ડાંગ બ્યુરો

# રાધનપુર પોલીસે રૂપિયા ૨૨,૬૬,૯૬ નો વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડયો

રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

સમગ્ર ગુજરાત રાજયમાં દારૂબંધીનો કાયદો લાદવામાં આવ્યો છે ત્યારે કેટલાક બુટલેગરો દ્વારા હેમખેમ આ પ્રકારે ગુજરાતમાં દારૂ ઘુછાળવામાં આવી રહ્યો છે ત્યારે આજરોજ રાધનપુર પોલીસ દ્વારા રાધનપુર ભાભર ત્રાણ રસ્તા ખાતેથી વિદેશી દારૂ ભરેલી શિફ્ટ ગાડી ઝડપી જેમાંથી વિદેશી દારૂ મળી આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ વાઘેલા સાહેબની સૂચના મુજબ કોઈપણ જગ્યાએ દારૂ-જુગારના અડ્ડાઓ ધમ તમે તેના માટે સમગ્ર જિલ્લાની પોલીસને સુચના આપવામાં આવી છે ત્યારે રાધનપુર પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે રાધનપુર પોલીસને બાતમી મળી હતી કે ગ્ન્દ્ધ ૨૪ ક્ર૭૬ ૫૬ ગાડી વિદેશી દારૂ ભરીને ભાભર ત્રાણ રસ્તા પાસે આવી રહી છે ત્યારે રાધનપુર સમગ્ર સ્ટાફ વોચ ગોઠવી ઝડપી પાડવામાં સફળ રહ્યો હતો

## ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ

# અમદાવાદના નારણપુરામાં નિર્માણાધિન વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના પ્રગતિ-કાર્યની સમીક્ષા કરી



ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદના નારણપુરા ખાતે આકાર પામી રહેલા વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના પ્રગતિ-કાર્યની સમીક્ષા કરી હતી. શ્રી હર્ષ સંઘવીએ આ અંગેની વિગતો આપતા કહ્યું કે, રૂ. ૬૩૧ કરોડના ખર્ચે નિર્માણ પામનારા કોમ્પ્લેક્ષનું ભૂમિ પૂજન કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરની ઉપસ્થિતિમાં થશે.

આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કુલ ૧ લાખ ૧૫ હજાર ચોરસ મીટરમાં આકાર પામશે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની પ્રેરણા અને પ્રયાસોથી રાજ્યના યુવાનોના સપના સાકાર કરતા અનેક પ્રોજેક્ટ્સ અમલી બની રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, આ પ્રોજેક્ટના પરિણામે યુવાનોને યોગ્ય પ્લેટફોર્મ પ્રાપ્ત થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આ સમગ્ર પ્રોજેકટના અનેકવિધ પાસા છે. જેમાં એકવેટિક કોમ્પ્લેક્ષ, સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્સલેન્સ, ઈન્ડોર મલ્ટી સ્પોર્ટ્સ એરેના, આઉટડોર સ્પોર્ટ્સ, ફિટ ઇન્ડિયા ઝોન, પબ્લિક પ્લાઝા નો સમાવેશ થાય છે. શ્રી સંઘવીએ ગુજરાતમાં સ્પોર્ટ્સ કલ્ચર (ખેલ સંસ્કૃતિ) માટે શ્રી નરેન્દ્રભાઈએ કરેલા પ્રયાસોની રૂપરેખા આપતા કહ્યું કે, નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે બાળકો અને યુવાનોને પ્રેરિત કરતા ખેલ મહાકુંભનો શુભારંભ કર્યો હતો, જેમાં આ વર્ષે રાજયના ૫૬ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો છે. તેમણે આ અવસરે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવી સ્પોર્ટસ પોલીસીનો પણ ઉલ્લેખ કર્યો હતો. શ્રી હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, દુનિયાના દેશો સાથે ભારતનો યુવાન સ્પર્ધામાં ઉતરી શકે, અવ્વલ સ્થાન પ્રાપ્ત કરી શકે તે પ્રકારનું આયોજન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, ખેલકૂદ ક્ષેત્રે જોડાયેલા લાખો યુવાઓ માટે ૨૯મી મેનો દિવસ ઐતિહાસિક દિવસ બની રહેશે. ગૃહ રાજયમંત્રીશ્રીની મુલાકાત વેળાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- વ્રજ મણીયાર

## પૂર્વ ગૃહ રાજયમંત્રી અને વટવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રદીપસિંહ જાડેજાના વરદહસ્તે

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૧ કરોડના ખર્ચે વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોના લોકાર્પણ કરાયા



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે વટવા વિધાનસભાના વટવા વોર્ડમાં પૂર્વ ગૃહરાજ્ય મંત્રી અને વટવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે અંદાજે ૨૧ કરોડના ખર્ચે વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. આ વિવિધ લોકાર્પણોમાં રૂ. ૩૯ લાખના ખર્ચે મોહજગત સામેના પ્લોટમાં નિર્મિત બગીચાનું લોકાર્પણ, રૂ. ૨.૨૫ કરોડના ખર્ચે શ્રીરામ રેસિડેન્સીની સામે નિર્મિત બગીચાનું લોકાર્પણ, રૂ. ૧૫ કરોડના ખર્ચે પૂજા ફાર્મ પાસે નિર્મિત સ્ટ્રોમ વોટર પમ્પિંગ સ્ટેશન તથા નવાણા પમ્પિંગ સ્ટેશનના કમ્પાઉન્ડમાં આવેલ સ્ટ્રોમ વોટર પમ્પિંગ સ્ટેશનનું લોકાર્પણ, અને રૂ. ૩.૦૩ કરોડના ખર્ચે ઓપન પાર્ટી પ્લોટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ, દક્ષિણ ઝોનના ઈન્ચાર્જ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી દિપક ત્રિવેદી સહિતના કોર્પોરેશનના વિવિધ પદાધિકારીઓ અને કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વ્રજ મણીયાર

# આહવા ખાતે યોજાઈ ડીસ્ટ્રીકટ આયુષ સોસાયટીની બેઠક



આહવાઃતાઃ ૨૦ :

વૈશ્વિક સ્તરે ભારતીય પરંપરાગત ચિકિત્સા પધ્ધતિના વધી રહેલા વ્યાપને જોતા તેને વધુ લોકભોગ્ય બનાવવા માટે, રાજ્ય અને કેન્દ્ર સરકાર ભગીરથ પ્રયાસો કરી રહી છે. ત્યારે 'આયુષ'ની સેવાઓનો લાભ છેવાડાના માનવીઓ પણ સુપેરે લઈ શકે, તેવી વ્યવસ્થા ડાંગ જિલ્લામા ઊભી કરવાની હિમાયત, ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડયાએ કરી હતી.

આહવા ખાતે યોજાયેલલી 'ડીસ્ટ્રીકટ આયુષ સોસાયટી' ની બેઠકમા ઉપયોગી માર્ગદર્શન આપતા કલેકટરશ્રીએ, સોસાયટી ખાતે સંકળાયેલા વિવિધ ઘટોકોની માહિતી મેળવી, ડીસ્ટ્રીકટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ માટે જરૂરી માનવબળની વિગતો પણ મેળવી હતી.

ડીસ્ટ્રીકટ આયુષ સોસાયટીનુ કાર્યક્ષેત્ર તથા નેશનલ આયુષ મિશન અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ, કાર્યક્રમોની પૃચ્છા કરી કલેકટર શ્રી પંડયાએ, તેના અસરકારક અમલીકરણ અંગે ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

કલેકટરશ્રીએ સોસાયટીની ગવર્નિંગ બોડીમા નવા સભ્યો ઉમેરવાની કાર્યપધ્ધતિ સાથે સોસાયટીની સાર્વજનિક ટ્રસ્ટ તરીકેની નોંધણીની પ્રક્રિયા બાબતે પણ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ.

ડીસ્ટ્રીકટ આયુષ સોસાયટીની બેઠકમાં ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે પણ ઉપસ્થિત રહી, ઉપયોગી માર્ગદર્શન આપ્યુ હતુ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપીન ગર્ગે ઉપયોગી સૂચનો સાથે જરૂરી પરામર્શ કર્યો હતો.

બેઠકમા સોસાયટી સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનુ સંચાલન ઈન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ડૉ. દિગ્વેશ ભોયે પણ કર્યું હતુ. ડૉ. ભોયે એ જિલ્લામા 'આયુષ' ની કામગીરીની વિગતો રજુ કરી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમા આયુષ સાથે સંકળાયેલા વિભાગો સહિત આરોગ્ય વિભાગ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધીઓ, સંબંધિ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

નરેન્દ્ર પવાર,ડાંગ

## સંભવિત કૂદરતી આપત્તિ સામે અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર સજ્જ

# જિલ્લામાં ૨૨૮ લાઈફ જેકેટ– ૧૬૮ લાઇફ બોયા અને ૧૧ જનરેટર સહિતની સાધન- સુવિધા ઉપલબ્ધ

રાજયમાં આગામી દિવસોમાં વર્ષાઋતુ પ્રારંભ થવાની શક્યતા છે ત્યારે પૂર, વાવાઝોડુ કે અતિવૃષ્ટી જેવી સંભંવિત કુદરતીની સંભાવનાઓ રહેતી હોય છે. કૂદરતી આપત્તિ આવે તો તેના મક્કમ પડકાર માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ રહેતુ હોય છે. એ માટે પૂર્વ આયોજનના ભાગરૂપે સંભવિત આપત્તિ, ભૂતકાળમાં આવેલી આપત્તિના સમયે થયેલી કામગીરી તેમાં આવતા પડકારો અને હવે પછી તેવી આપત્તિ આવે તો શું પગલા લઈ શકાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર આગોતરી તૈયારી કરતું હોય છે. તેના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી સંદિપ સાગલેની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે પ્રિ-મોન્સૂન બેઠક યોજાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લો ભૂતકાળમાં પૂર-વાવાઝોડા અને ભૂકંપ જેવી આપત્તિનો વધતા-ઓછા પ્રમાણમાં સામનો કરી ચુક્યો છે. વર્ષ ૧૯૮૨માં નવેમ્બર માસમાં વાવાઝોડાના પગલે જિલ્લાને થોડી અસર થઈ હતી. વર્ષ ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં અમદાવાદ જિલ્લામાં ભારે અસર થઈ હતી. શહેર ઉપરાંત ધોળકા, વિરમગામ અને બાવળા તાલુકાના ૨૦ ગામોના ૩૦ હજાર જેટલા લોકોને અસર થઈ હતી. આજ રીતે વર્ષ ૨૦૧૭ના જૂન માસમાં પૂરની અસર પણ મધ્યમ

પ્રમાણમાં જિલ્લાને થઈ હતી. જયારે જૂલાઈ માસમાં અમદાવાદ શહેર ઉપરાંત દસક્રોઈ, ધોળકા અને ધંધુકાને અતિ વૃષ્ટિની સર થઈ હતી. આ વિસ્તારના ૬૪ ગામોના ૨૦૮૧ પરિવારોના ૧૦ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા હતા અને ૯૫૦ જેટલા ઘરોને નૂક્શાન થયું હતું. વર્ષ ૨૦૧૮-૧૯માં અપૂરતા વરસાદના પગલે જિલ્લાના ૩ તાલુકાને અછરગ્રસ્ત જાહેર કરાયા હતા. અમદાવાદ શહેર-જિલ્લામાં મોટા ઔદ્યોગિક ગૃહો આવેલા હોઈ આગની નાની-મોટી ઘટનાઓ બનતી રહે છે. જો કે અમદાવાદ શહેરમાં રથાયાત્રા અને જિલ્લામાં વૌઠાના મેળામાં લાખોની સંખ્યામાં લોકો આવતા હોવા છતા વહીવટી તંત્રના આગવા આયોજનના પગલે છેલ્લા ૧૦ વર્ષમાં સદનસીબે 'સ્ટેમપેડ'ની ઘટના નથી બની.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જિલ્લા વહીવટીતંત્રના કર્મયોગીઓને 'ઝીરો કેઝ્યૂઅલ્ટી' અભિગમથી કામ કરવાનો અનુરોધ

કરતા જણાવ્યું હતું કે, ' વરસાદ કે અતિ વરસાદ સામાન્ય રીતે સંબંધિત જિલ્લાને અસર કરતો હોય છે પરંતુ થોડાક વર્ષો પહેલા

માઉન્ટ આબુમાં થયેલા ભારે વરસાદે બનાસકાંઠા જિલ્લાને ભારે નૂક્શાન પહોંચાડ્યું હતું. એ જ રીતે અમદાવાદને અડીને આવેલા જિલ્લાઓમાં પણ ભારે વરસાદ થાય તો તેની અસર પણ અમદાવાદ જિલ્લાને થાય તે સ્વાભાવિક છે. અમદાવાદ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ જિલ્લા ઉપરાંત આસપાસના જિલ્લાઓના વરસાદ પર પણ નજર રાખવા પણ જિલ્લા કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી. કલેક્ટર શ્રી સંદીપ સાંગલે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં કોઈ પણ સંભવિત આપત્તિના પડકાર સામે જિલ્લા વહીવટી તંત્રએ સજ્જતા કેળવી છે. જિલ્લામાં ૨૨૮ લાઈફ સેવીંગ જેકેટ, ૧૬૮ જેટલી લાઈફ બોયા, ૧૦૦ ફીટ લંબાઈના ૪૪ દોરડા અને ૨૦૦ ફીટ લંબાઈના ૨૨ દોરડા ઉપરાંત ૧૧ જનરેટર ઉપલબ્ધ છે. આ ઉપરાંત તમામ નગરપાલિકામાં જરૂરિયાત પ્રમાણે ડી-વોટરીંગ પમ્પની વ્યવસ્થા કરાઈ છે. સાથે સાથે ફાયર ફાઈટરના સાધનો, વોટર બ્રાઉઝર્સ, રેસ્ક્યુવાહનો, હાઈડ્રોલિક પ્લેટફોર્મ, ક્રેઈન, ફાયર ટ્રક, એર બોટ ટ્રોલી જેવી સંખ્યાબંધ સાધન સુવિધાઓ ઉલબબ્ધ કરવામાં આવી હોવાનું જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું છે.

આ ઉપરાંત ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપની રચના કરાઈ છે. જેમાં પ્લાનીંગ એન્ડ કૉ-ઓર્ડીનેશન, એડમેનિસ્ટ્રેશન એન્ડ પ્રોટોકોલ, ડેમેજ સર્વે-એસેસમેન્ટ, વૉર્નિંગ, કોમ્યુનિકેશન, મીડિયા, લોજિસ્ટીક, સર્ચ એન્ડ રેક્યુ, ઉપરાંત શેલ્ટર, વોટર સપ્લાય, ફૂડ એન્ડ રિલીફ સપ્લાય, પબ્લિક હેલ્થ, એનિમલ હેલ્થ એન્ડ વેલફેર એમ વિવિધ બાબતોને આવરી લઈ ટાસ્ક ફોર્સની રચના કરાઈ છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ અમદાવાદ જિલ્લાના અગાઉ પૂરથી અસરગ્રસ્ત અને સંભવિત જોખમવાળા તથા નીચાણવાળા ક્ષેત્રોની ઓળખ કરી તે વિસ્તારોમાં અગાઉથી IEC (Information Education Communication) પ્રવૃત્તિઓ હાથ ધરવા માટેના દિશાનિર્દેશ આપ્યા છે એટલું જ નહી પરંતુ તેમણે નેશનલ હાઈ-વે ઓથોરિટી અને રેલવે જેવા વિભાગોને પાણીના વહેણમાં અવરોધરૂપ સ્ટ્રક્ચર દૂર કરવા અંગેની વ્યવસ્થા કરવા ઉપરાંત જોખમવાળા ક્ષેત્રોમાં સાઈનેજ બોર્ડ મૂકવા માટેની કામગીરી કરવા જણાવ્યું હતું.

જિલ્લાના તરવૈયાઓની યાદી, હેમ રેડિયો, વાયરલેસ સેટ, બોટ તેમજ ઈમરજન્સી સમયે ઉપયોગી સેવા અને મશીનરી વ્યવસ્થાની સાથે ક્વીક રિસ્પોન્સ ટીમ પણ બનાવી રાખવાની તાકીદ કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રીએ આરોગ્ય વિભાગ, એસટી, વિજળી, પાણીપુરવઠા તેમજ પોલીસ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સહિતના વિભાગો દ્વારા આગામી ચોમાસાને લઈને ખાસ કન્ટ્રોલરૂમ ચાલુ કરવા, હોસ્પિટલમાં દવાઓનો જથ્થો રાખવા તેમજ રેઈન ગેજ ચેક કરી લેવા, પાણી ભરાવાની સમસ્યા છે તેવા વોકળા, નાળાની સાફ-સફાઇ કરવા તેમજ આશ્રય સ્થાનોની મુલાકાત લેવા અધિકારીઓને સુચના આપી છે.

આલેખન – હિમાંશુભાઈ ઉપાધ્યાય

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK